RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 169* Date: 17.04.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે કોરોનાનું વંશસૂત્ર 'જીનોમ' શોધી લીધું

# કોરોના વાયરસનું મૂળ શોધી કાઢ્યાનો ગુજરાત સરકારનો દાવો

*ગાંધીનગર,તા.૧૬*

સમગ્ર દેશમાં ગુજરાતની સરકારી લેબોરેટરીએ કોરોના વાઈરસને કાબુમાં લઈ શકાય અને તેનું ઝડપી નિદાન તથા ઉપચારમાં મદદ મળે તેવી એક શોધ કરવામાં સફળતા મેળવી છે. જે ભારત સહિત આખી દુનિયા માટે ઉપયોગી નિવડી શકે તેમ છે. આ શોધને ગુજરાતની એક મહત્વની શોધ તરીકે માનવામાં આવી રહ્યું છે. હાલમાં કોરોના વાઈરસે દુનિયાભરમાં કાળો કેર મચાવ્યો છે. ભારતમાં પણ સરકારો દ્વારા તેના કારણે લોકડાઉન જેવા કડક પગલાં લઈને તેને પ્રસરતો અટકાવવા પ્રયાસ થઈ રહ્યા છે. આમછતાં રોજેરોજ રાજ્યમાં કેસો વધી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારની ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે (GBRC) કોરોનાનું વંશસૂત્ર શોધી લીધું છે અને તેનું જીનોમ સીકવન્સ શોધી લેવાયું છે. તેના કારણે કોરોનાથી પીડિત આખી દુનિયાને આશીર્વાદરૂપ બનશે. CMOના ટ્વિટર પેજ પર આની માહિતી આપવામાં આવી હતી.

ગુજરાત બાયો ટેક્નોલોજીએ શોધેલા કોરોનાના રંગસૂત્ર એટલે કે જીનોમ સીકવન્સથી કોરોના વાઈરસ કોવિદ ૧૯ની દવા, રસી અને આડ અસર સહિતની બાબતો શોધવી સરળ બની રહેશે. ઉલ્લેખનીય છે કે વિશ્વભરના ટોચના વૈજ્ઞાનિકો કોરોના વાઈરસની માહિતી મેળવવામાં અસફળ રહ્યા હતા. ત્યારે ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે કરેલી શોધથી માનવજાત માટે આશીર્વાદરૂપ બનશે.

GBRCના ડાયરેક્ટર પ્રો. ચૈતન્ય જોશીએ આ શોધની માહિતી મીડિયાને આપતાં જણાવ્યું હતું કે, ન્યુકલિક એસિડ



ડીએનએ અથવા તો આરએનએ હોઈ શકે છે. માણસમાં ન્યુક્લિક એસિડ હોય છે એ ડીએનએ હોય છે. જ્યારે ઘણા વાઈરસમાં ડીએનએ અને ઘણા વાઈરસમાં આરએનએ સંરચના હોય છે. કોરોના વાઈરસની સંરચના આરએનએની (રાઈબોન્યુકિલિક એસિડ) છે. માણસ, પશુ કે વનસ્પતિ દરેકની સંરચના સંપૂર્ણપણે ન્યુક્લિક એસિડ હોય ડીએનએના આધારે નક્કી થતી હોય છે. તેવી જ રીતે વાઈરસની સંરચના તેમજ તેની પ્રકૃતિ ન્યુક્લિક એસિડના આધારે નક્કી થતી હોય છે.

કોમ્પ્યુટરથી લેબોરેટરી સુધીની ચકાસણી ઝડપી બનશે એમ કહીને તેમણે ઉમેર્યું કે, આ સંરચનાનો અભ્યાસ કરવામાં આવે તેની પ્રકૃતિ સમજવામાં આવે તો વાઈરસને કેવી રીતે ટેકલ કરવો, તેને હેન્ડલ કરવો જેથી તેની રોગ પ્રસરવાની તીવ્રતા છે તેને કેવી રીતે ઘટાડી શકીએ કે નાબૂદ કરી શકીએ એ સમજી શકીએ છીએ. તેની સામે કોઈ દવા આપણે બનાવી હોય તો તે દવા અસરકારક રહેશે કે નહીં કોમ્પ્યુટર લેવલે તેને ચકાસી શકીએ છીએ. કોમ્પ્યુટર લેવલે ચકાસ્યા પછી તેને લેબોરેટરી લેવલે ચકાસી શકીએ છીએ. ત્યારબાદ તેને એક્ચ્યુઅલ ટ્રાયલમાં લઈ શકીએ છીએ. જ્યાં સુધી આપણી પાસે તેના ન્યુક્લિક એસિડની સંરચના હાજર હોય તેને કોમ્પ્યુટર લેવલે દવા કામ કરશે કે નહીં તે લેબોરેટરીમાં પ્રયોગ કરીએ જે તે સમયે એક કમ્પાઉન્ડ કે બે કમ્પાઉન્ડ કે પાંચ કમ્પાઉન્ડનો પ્રયત્ન કરી શકીએ છીએ. તેની સામે જીનોમ સંરચના આપણી પાસે હાજર હોય તો કોમ્પ્યુટર લેવલે જ આપણે હજારો નહીં પણ મિલિયન્સ ઓફ કમ્પાઉન્ડ એની સાથે ટેસ્ટ કરી શકીએ. ટેસ્ટ બાદ કયું કમ્પાઉન્ડ કામ કરશે તેને નેરોડાઉન કરીએ અને જે ઈફેક્ટવલી કમ્પાઉન્ડ મળે એને જ આપણે લેબોરેટરી લેવલે લઈ શકીએ છીએ જેમાં આપણને સફળ થવાના ચાન્સિસ છે.

અત્યારે જે કામ કરવામાં આવ્યું છે એ બેઝિક લેવલનું એટલે પાયાના સ્તરનું છે. વાઈરસ હોય તેને ખરેખર પેશન્ટમાંથી વાઈરસ આઈસોલેટ કરીને સંરચના તપાસીએ છીએ. માણસ પ્રાણીઓ કે વનસ્પતિ ન્યુટ્રિશનમાં ચેન્જિસનો રેટ ઓછો હોય. પરંતુ જેમજેમ નીચે જઈએ તેમ બેક્ટેરિયા ન્યુટ્રિશનમાં રેટ ઓછો હોય છે. વાઈરસ સંરચના બદલતો રહે છે તેને સર્વાઈવ થવું હોય નવું વાતાવરણ બદલાય અને તેમાં ટકી રહેવું હોય. ડ્રગ્સ ડેવલપ કરેલું હોય વેક્સિન ડેવલપ કરેલું હોય ત્યારે તેની સંરચનામાં ફેરફાર કરીને પ્રયત્ન કરતું રહે છે. આપણે વાઈરસની સ્ટડી કરીએ તો જે પણ ચેન્જિસ હોય તેની સામે આપણે કઈ દવા વધુ અસરકારક રહેશે અને કયુ વેક્સિન બની શકીએ તે આપણે સમજી શકીએ.

તેમણે એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે, અત્યારે અમે એક પેશન્ટમાંથી વાઈરસના જીનોમ-સંરચના નક્કી કરી છે. તેની અંદર અમને જે ન્યુટ્રિશન મળ્યા છે. તેના ઉપર અમે અભ્યાસ શરૂ કર્યો છે. ઉપરાંત ગુજરાતભરમાંથી અલગ અલગ લોકેશન પરથી સેમ્પલ કલેક્ટ કર્યા છે અને એમાં પણ એ વાઈરસના સેમ્પલના જીનોમનું સંપૂર્ણ એનાલિસિસ કરવાનું છે. લગભગ ૧૦૦ જેટલા આઈસોલેટ વાઈરસનું જીનોમ સિકવન્સિંગ કરીશું. તેના આધારે ડ્રગ ડેવલપમેન્ટ સ્ટ્રેટર્જી અને વેક્સિન ડેવલપમેન્ટની સ્ટ્રેટર્જી વિચારીશું.નવા મ્યુટ્રેશિયનનો હાલ અભ્યાસ ચાલુ છે એમ કહીને તેમમણે જણાવ્યું કે, કુલ નવ મ્યુટ્રેશન એટલે કે ચેન્જિસ જોવા મળ્યા, જેમાં છ મ્યુટ્રેશિયન ઓલરેડી રિપોર્ટેડ છે. દુનિયાભરમાં આ વાઈરસની ન્યુક્લિકેશનની સિક્વન્સ થઈ છે તેમાં અલગઅલગ કમ્પેર કરતા ૬ રિપોર્ટ છે. જ્યારે ૩ મ્યુટ્રેશિયન એવા છે જે રિપોર્ટ થયા નથી એકદમ નવા જોવા મળ્યા છે. નવા મ્યુટ્રેશિયનનો હાલ અભ્યાસ કરી રહ્યા છીએ. અને એ મ્યુટ્રેશિયનમાં શું ઈમ્પલિટેશન આવશે તેનો અભ્યાસ ચાલુ છે. મ્યુટ્રેશિયન જે પ્રકારે હોય એમઆઈનોનું એસિડ ચેન્જ કરતું હોય તો એ ન્યુસેન્સ મ્યુટ્રેશિયન અને તેના કારણે પ્રોટીનની સંરચના બદલાય તો સ્વભાવ કે સ્ટ્રક્ચર માં બદલાવ થઈ શકે છે. પરંતુ મ્યુટ્રેશિયન માઈલ્ડ પ્રકારનું હોય તો તેનો પ્રોટીનમાં એમઆઈનો એસિડમાં બદલાવ ન થાય તેનો અભ્યાસ અમે કરી રહ્યા છીએ.

### કુલ સંક્રમિતોનો આંકડો ૧૨૩૮૦એ પહોંચ્યો, ૧૪૮૯ લોકો સ્વસ્થ થયા

## દેશમાં ૨૪ કલાકમાં ૭૦૦થી વધુ કોરોના પોઝિટિવ કેસોઃ મૃત્યુઆક ૪૦૦ને પાર

ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં કોરોનાનો કહેર ચાલી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયનાં આંકડાઓ પ્રમાણે દેશમાં કોરોનાનાં અત્યાર સુધી ૧૨,૩૮૦ કેસ આવી ચુક્યા છે. જેમાંથી ૧૪૮૯ લોકો ઠીક થયા છે અને ૪૧૪ લોકોનાં મોત થયા છે. બીજા ફેઝનાં લોકડાઉનનો આજે બીજો દિવસ છે, પરંતુ મહારાષ્ટ્રમાં ૧૬૫, ગુજરાતમાં ૧૦૫, મધ્ય પ્રદેશમાં ૪૨, રાજસ્થાનમાં ૨૫, ઉત્તર પ્રદેશમાં ૧૯ અને પશ્ચિમ બંગાળમાં કોરોનાનાં ૧૮ દર્દીઓ મળી આવતા હજુ પણ કોરોનાનો ખતરો દેશ પર યથાવત છે.ભારતમાં ૩ મે સુધી લોકડાઉન વધારી દેવામાં આવ્યું છે. કેટલાક લોકો લોકડાઉનને જ કર્ફ્યૂ કહી રહ્યા છે, પરંતુ હકીકત એ છે કે લોકડાઉન અને કર્ફ્યૂ વચ્ચે અંતર છે. અમદાવાદમાં કોટ વિસ્તારો અને સુરતનાં કેટલાક વિસ્તારોમાં કર્ફ્યૂ લગાવી દેવામાં આવ્યું છે જ્યાં કોરોનાનાં સૌથી વધારે કેસો સામે આવ્યા છે. ગુજરાતમાં સૌથી વધારે અમદાવાદમાં ૪૯૨ કોરોનાં કેસ નોંધાયા છે. અમદાવાદનાં કોટ વિસ્તારોમાં કોરોનાએ ભરડો લેતા ત્યાં કર્ફ્યૂ લગાવી દેવામાં આવ્યું છે.

કોરોના તપાસના સેમ્પલ લઈ જઈ રહેલા હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિગ

ઉત્તરપ્રદેશના બાગપતમાં ગુરુવારે ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ-વે પર એરફોર્સની ચિતા હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિગ કરાવવી પડી છે. તે લેહથી કોરોનાની તપાસનું સેમ્પલ લઈને ચંદીગઢ જઈ રહ્યું હતું. મળતી માહિતી પ્રમાણે, હેલિકોપ્ટરમાં ટેકનીકલ ખામી આવી ગઈ હતી. સૂચના મળતાની સાથે જ હિંડનથી એન્જિનીયર્સ પહોંચ્યા હતા. લગભગ અડધા કલાક બાદ હેલિકોપ્ટર પાછું હિંડન માટે રવાના થઈ ગયું હતું.

### ૬૭ લાખથી વધુ પોઝિટિવ કેસ, ૩૦ હજારથી વધુના મોત નિપજ્યા

## અમેરિકામાં મહામારીની મારઃ કોરોનાથી ૨૪ કલાકમાં ૨૬૦૦ના મોત

વોશિંગ્ટન,તા.૧૬

અમેરિકામાં કોરોના વાયરસના કેસ તેની ટોચથી વધુ વધી ગયા છે અને હવે આગામી દિવસમોમાં કેટલાટ સ્ટેટ્સને પુનઃ ખોલવાની પ્રક્રિયા હાથ ધરાશે તેમ અમેરિયાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે. અમેરિકામાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૬,૪૪,૦૦૦ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૩૦,૮૪૪થી વધુ લોકોના મોત થયા છે. કોરોના વર્લ્ડોમીટર મુજબ યુએસમાં કોઈપણ દેશમાં કોરોનાના સૌથી વધુ કેસો નોંધાયા છે. અમેરિકાની વાત કરીએ તો અહીં ૨૪ કલાકમાં ૨૬૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ અગાઉ બુધવારે, કોરોના



વાયરસને કારણે યુ.એસ. માં ૨,૨૨૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે એક દિવસમાં અત્યાર સુધીમાં આ સૌથી વધુ મોત થયા છે.

બુધવારે કોરોના વાયરસ અંગેની માહિતી આપતા ટ્રમ્પે જણાવ્યું કે ગુરુવારે યુએસમાં કેટલાક સ્ટેટ્સને રીઓપન કરવાની ગાઈડલાઈન જાહેર કરવામાં આવશે અને અમેરિકાના અર્થતંત્રને પુનઃ પાટા પર લાવવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. ટ્રમ્પે સંબોધનમાં જણાવ્યું કે, 'આપણે વાપસી કરીશું, આપણે આપણા દેશને ફરી ધબકતો બનાવવો છે.'

અગાઉ યુએસ પ્રેસિડેન્ટે અમેરિકામાં રીઓપન માટે ૧લી મે નક્કી કરી હતી પરંતુ ટ્રમ્પે જણાવ્યું કે કેટલાક સ્ટેટ્સ તે અગાઉ જ ખોલવામાં આવશે. કોરોના સામેની લડાઈ ચાલુ રહેશે જો કે આંકડા સુચવે છે કે કોરોનાના નવા કેસોના આંકડો ટોચને પાર કરી ગયો છે. આશા છે કે આપણે સારી પ્રગતિ કરવામાં સફળતા મેળવીશું, તેમ ટ્રમ્પે જણાવ્યું હતું.

અમેરિકામાં કોરોનાનું કેન્દ્ર ન્યૂયોર્કને મોટું નુકસાન

ન્યૂયોર્કના મેયર બિલ ડે બ્લાસિયોએ કહ્યું છે કે કોવિડ-૧૯ મહામારીથી શહેરને અત્યાર સુધીમાં પાંચ અબજ ડોલરથી ૧૦ અબજ ડોલરની વચ્ચે નુકસાની ઉઠાવી પડે છે. ન્યૂયોર્કના પ્રાંત અમેરિકામાં કોરોમા વાયરસ મહામારીનું મુખ્ય કેન્દ્ર છે અને અહીં સંક્રમણના અંદાજે ૨ લાખ કેસ સામે આવી ચૂકયા છે. ન્યૂયોર્ક શહેરમાં કોરોના વાયરસ સંક્રમણથી મૃતક લોકોની સંખ્યા ૧૦૦૦૦ના આંકડાને પાર કરી ગઈ છે.

## માત્ર કોરોના વાયરસની રસીથી જ પરિસ્થિતિ રાબેતા મુજબની થશેઃ સંયુક્ત રાષ્ટ્ર

ન્યૂયોર્ક,તા.૧૬

યુનાઈટેડ નેશન્સ સંસ્થાના મહામંત્રી એન્ટોનિયો ગુટેરેસે કહ્યું છે કે કોરોના વાઈરસ-વિરોધી કોઈ સુરક્ષિત અને અસરકારક રસીથી જ આ રોગચાળાને ડામી શકાશે. પરિસ્થિતિ રાબેતા મુજબ કરવાનો તે જ એકમાત્ર રસ્તો બની શકે છે.

ગુટેરેસે યુએન સંસ્થા અંતર્ગત આવતા ૫૦ આફ્રિકન દેશોના વડાઓ સાથેની એક વિડિયો કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે કોરોના વાઈરસના ફેલાવાને કારણે ઊભી કરેલી કટોકટી દૂર કરવાનું એકમાત્ર સાધન છે, આ રોગની રસી.

ગુટેરેસે એવી આશા વ્યક્ત કરી છે કે આ વર્ષના અંત પહેલા આ રોગચાળાનો ઈલાજ મળી આવશે. રસી બનાવવા માટેના પ્રયાસોને વેગ આપવો જોઈએ એમ યુએન સંસ્થાના આ વડાએ કહ્યું છે. 'આ રસીથી સમગ્ર દુનિયાને લાભ થવો જોઈએ. આ રસી તમામ માનવીઓને મળવી જોઈએ જેથી રોગચાળો કાબૂમાં રહી શકે,' એમ તેમણે વધુમાં કહ્યું.અનેક પ્રકારના સિદ્ધાંતો અને સંશોધનો હાથ ધરનાર નિષ્ણાતોએ જણાવ્યું છે કે કોરોના વાઈરસને લોકડાઉનના કોઈ એકલદોકલ રાઉન્ડથી નાબૂદ કરી શકાશે નહીં. આ વાઈરસ મોસમી બની શકે છે અને ઠંડીની મોસમવાળા મહિનાઓમાં એનો ફેલાવો વધી શકે છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના એક અભ્યાસમાં જણાવાયું છે કે સોશિયલ ડિસ્ટન્સિંગના પગલાં વારંવાર ભરતા રહેવા પડશે. રોગચાળાને ફેલાતો રોકવા માટે આ જ સૌથી મહત્ત્વનું પગલું છે. કોરોનાને નાબૂદ કરવાની લડાઈ ૨૦૨૨ સુધી ચલાવવી પડે એવી જરૂર લાગે છે.

## લોકડાઉન લંબાતા રેલવે ૩૯ લાખ ટિકિટ કૅન્સલ કરશે

ન્યુ દિલ્હી,તા.૧૬

કોરોના વાઈરસની મહામારીને પગલે જાહેર કરવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનને ત્રીજી મે સુધી લંબાવવાની તેમ જ પ્રવાસી ટ્રેનો પણ એ દરમિયાન બંધ રાખવાની કરવામાં આવેલી જાહેરાત બાદ ૧૫ એપ્રિલથી ૩ મે દરમિયાન પ્રવાસ માટે બુક કરવામાં આવેલી અંદાજે ૩૯ લાખ જેટલી ટિકિટ કેન્સલ કરવા રેલવેતંત્ર સજ્જ થઈ ગયું હોવાનું સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું.

૧૪ એપ્રિલ બાદ ટ્રેનો શરૂ થાય તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને રેલવે તંત્રએ પ્રવાસીઓને ૨૧ દિવસના લૉકડાઉન દરમિયાન ટિકિટ બુક કરવાની પરવાનગી આપી હતી જેને પગલે પ્રવાસીઓએ અંદાજે ૩૯ લાખ જેટલી ટિકિટ બુક કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જોકે, લૉકડાઉન ૩ મે સુધી લંબાવવામાં આવતા રેલવેતંત્રએ તેની તમામ પ્રવાસી ટ્રેનસેવા રદ કરવાની સાથે સાથે રેલવેની ટિકિટોનું ઍડવાન્સ બુકિંગ પણ ૩ મે સુધી બંધ કરવાની જાહેરાત કરી હતી.

રેલવે દ્વારા કરવામાં આવેલી આ જાહેરાતને કારણે દેશભરમાં ૧૫૦૦૦ કરતા પણ વધુ પ્રવાસી ટ્રેન થંભી ગઈ હતી અને સ્થળાંતર કરીને આવેલા હજારો શ્રમિકો તેમના વતન જવાની આશા સાથે મંગળવારે મુંબઈના બાન્દ્રા સ્ટેશન નજીક એકઠા થઈ ગયા હતા.

## કોરોનાથી દેશમાં ઈમરજન્સી જેવી સ્થિતિ, લોકડાઉન પર્યાપ્ત પગલું નથીઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ સતત વધી રહ્યું છે, દર્દીઓની સંખ્યા વધી રહી છે. આ વચ્ચે વિપક્ષ તરફથી સતત અવાજ ઉઠાવામાં આવી રહ્યો છે કે ગરીબો માટે આર્થિક મદદને લઈને જાહેરાત કરવી જોઈએ. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ મામલે આજે પત્રકાર પરીષદ યોજીને જણાવ્યું કે આપણે એક ગંભીર સ્થિતિમાં છે, બધા રાજકીય પક્ષોએ એક સાથે આગળ આવવું જોઈએ.

કોરોનાથી લડવા માટે કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી સરકારને બે સુચન કર્યાં છે. જેમાં રાહુલ ગાંધીએ કહ્યું છે કે કોરોનાને હરાવવા માટે આપણે બે સ્તર પર કામ કરવું જોઈએ. પહેલું કામ અર્થવ્યવસ્થા અને બીજુ મેડિકલ. રાહુલે મોદી સરકારને કેરળના વાયનાડ મોડલને અપનાવવાની સલાહ આપી.

રાહુલ ગાંધીએ મોદી સરકારને સુચન કરતાં કહ્યું કે આપણે અર્થવ્યવસ્થાના સ્તર પર તૈયાર રહેવું જોઈએ. ગરીબોની સામે અનાજનું સંકટ આવાનાર છે. જેને લઈને તેઓને અનાજ પહોંચાડવાનું કાર્ય કરવું જોઈએ. બેરોજગારી વધી રહી છે, તેનું સમાધાન શોધવું જોઈએ.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે કોરોનાને સામેની જંગ જો જીતવી હોય તો ટેસ્ટિંગની સંખ્યા વધારવી પડશે. રાહુલ ગાંધીએ કેન્દ્રની મોદી સરકારને અપીલ કરતાં કહ્યું કે સરકારે ટેસ્ટિંગને લઈને રણનીતિ બનાવી જોઈએ, જેના કારણે કોઈપણ જગ્યાએ કોરોના પીડિત વ્યક્તિ ના રહે. રાજયોના મામલે રાહુલ ગાંધીએ કહ્યું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજયોને તાકાત આપે. રાજ્યોને પૈસા આપે. દેશને એકજૂટ થઈને આ વાયરસ સામે જંગ લડવાની જરૂર છે. માત્ર લોકડાઉનથી વાત નહી બને.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના પરિવર્તનકારી બની રહેશે

કોરોના વાઈરસને લીધે ફેલાતા કોવિડ-૧૯ નામનો વૈશ્વિક રોગચાળાનો અંત આવશે. આજે નહિ, તો કાલે, નહિતર પરમ દિવસે તો ચોક્કસ જ, પરંતુ એની વિશ્વ વિદાય પછીનું વિશ્વ ઘણું અલગ હશે. આપણે જે માહોલમાં જીવતા હતા, ને ગયા હતા એનાથી બહું એકદમ અલગ હશે.બહુ મોટી સંખ્યામાં માનવજીવ ગુમાવવા ઉપરાંત કોવિડ-૧૯ને નાથવા માટે લદાયેલા લોકડાઉનને લીધે અમુક દેશોના અર્થતંત્રનું ધનોતપનોત નીકળી જશે. કદાચ દુનિયાની ફાયનાન્સિયલ માર્કેટ ફરી એવા સારા દિવસો નહિ જુએ.પ્રજાની અવરજવર પર પ્રતિબંધ મૂકવાને નામે ઘણી સરકાર આકરા આપખુદ પગલાં ભરશે. માહિતી મેળવવા - સામાજિક આરોગ્ય જાળવવાને નામે મોટે પાયે નાગરિક અધિકારોનું હનન થશે. આ તો એક દાખલો પણ છે. નિષ્ણાતો માને છે કે પરિવર્તન ખૂબ મોટું અકલપ્ય હશે.આ વૈશ્વિક રોગચાળાએ ઘણા એવા સવાલો ઊભા કર્યા છે કે જે ખૂબ ગંભીરપણે રોગચાળા બાદ હાથ ધરાશે અને ચર્ચાશે. વૈશ્વિક નેતાગીરી કેટલી સફળ-સબળ નિવડી આ આફતના સમયમાં? નંબર વન અર્થતંત્ર બનવા ફાંફાં મારતા ચીનમાં આ કોવિડ-૧૯નો ઉદય થયો. તો ત્યાં સ્વચ્છતા, ખોરાક-પદ્ધતિ અને અયોગ્ય પ્રત્યે ઉદાસીન વલણ છે એ કહેવાની જરૂર નથી. મોટી જાનહાનિ બાદ ચીને મોટે ઉપાડે દુનિયાને સંદેશો આપ્યો કે અમે તો બહુ અંકુશમાં લઈ લીધું હો. પણ આ રોગના ઉદ્ગમ સ્થળ વુહાનમાં જ ફરીથી નવા કેસ આવવા માંડ્યા.પોતાની મેળે બની બેઠેલા જગત જમાદાર અમેરિકાનો દેખાવ પણ નંબર વન નેતાને શોભે એવો નથી. શરૂઆતમાં પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રોગચાળાની ગંભીરતાને હસી કાઢી જેની આકરી કિંમત અમેરિકી પ્રજાને ચૂકવવાનો વારો આવ્યો.ઈટાલી, બ્રિટન અને સ્પેન જેવા સમૃદ્ધ ગણાતા દેશોમાં આ રોગચાળો બેફામ ફટી નીકળ્યો એની જવાબદારી કોની?ભારતમાં વસતિ અને વિસ્તારના પ્રમાણમાં દર્દી અને મોતનો આંકડો ઓછો છે પણ આનું ખરું આકલન રોગચાળાની વિદાય પછી થઈ શકશે. કોવિડ-૧૯નો પહેલો કેસ જાહેર થયા પછી આની સામે જડબેસલાખ વ્યવસ્થા કરવામાં વિશ્વના અનેક દેશોની જેમ ભારત પણ ઊણું ઊતર્યું. હા, એકવાર રોગચાળાએ ઉપાડો લીધા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લીધેલાં પગલાં પ્રશંસનીય છે.હજી રોગચાળા ઉપરાંત ઘણું થઈ શકે છે. રોજિંદી આવક કે નોકરી ગુમાવનારોનું સામાજિક- આર્થિક પુનરુત્થાન ખૂબ મુશ્કેલ બનશે. આમાંથી અરાજકતા સર્જાવાના એંધાણ છે. વિકાસશીલ અને ગરીબ રાષ્ટ્રો માટે આ પણ નવી અને ખૂબ મોટી આફત સાબિત થશે.કોવિડ-૧૯ રોગચાળાએ જગત આખાની ઘણી બાબતો અંગે આંખ ઉઘાડી. દા.ત. અમેરિકા મનાય છે એટલું શક્તિશાળી અને સજ્જ નથી. ચીનની તોતિંગ દીવાલ પાછળ ઘણી ગંદકી-બીમારી છે. વિકસિત દેશો પણ કુદરતી આફતોનો સામનો કરવામાં અન્ય રાષ્ટ્રોથી બહુ સારા નથી. માત્રને માત્ર અર્થતંત્ર જ સર્વસ્વ નથી.કોવિડ-૧૯ની વિદાય બાદ નવા સામાજિક, આર્થિક રાજકીય વિશ્વની જે ભેટ આપી જશે એને સૌ કઈ રીતે સમજે, સ્વીકારે અને એડજસ્ટ થાય છે એના પર આપણા સૌના ભાવિનો આધાર છે. એક સૂત્ર નીચે વધુ ને વધુ ઘાટ્ટી લાઈન દોરાશે; પહેલા હું અને મારા બાકીના પછી આમ કોરોના એક પરિવર્તનકારી ઘટના બની રહેશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૭/૦૪/૨૦૨૦, શુક્રવાર, ચૈત્ર વદ-૧૦
સૂર્યોદય-૬-૨૭, સૂર્યાસ્ત-૭-૦૭, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઘનિષ્ઠા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૨૭થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૧ સુધી, ૧૨-૪૬ થી શુભ-૧૪-૨૨ સુધી, ૧ ૭-૩૨ થી ચલ-૧૯-૦૭ સુધી, ૨૧-૫૬ થી લાભ-૨૩-૨૧ સુધી

- શુભ હોરા-
૬-૨૬ થી ૯-૩૬ સુધી, ૧૦-૪૦થી ૧૧-૪૩ સુધી, ૧૩-૫૦થી ૧૬-૫૯ સુધી, ૧૮-૦૩ થી ૧૯-૦૭ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૭-૦૪-૨૦૨૦ શુક્રવાર

**મેષ (અ.લ.ઈ.) :-** પરિવારના સભ્યો સાથે ઘરેલું પ્રશ્નોની ચર્ચા થાય ગુસ્સાને કાબુમાં રાખજો. નોકરીમાં લાભ રહેવાનો.

**વૃષભ (બ.વ.ઉ.) :-** દિવસ દરમ્યાન અટકતા કાર્યોને વેગ મલવાનો મહત્વની વ્યકિતનો સહકાર રહેવાનો ધાર્મિક કાર્યમાં સફળતા.

**મિથુન (ક.છ.ઘ.) :-** ભાઇ-બહેનો સાથે ગેર સમજો દૂર થવાની નવી ભાગીદારી ધંધામાં અનુકુળતા નાણાકીય રીતે નબળો સમય રહે.

**કર્ક (ડ.હ.) :-** આધ્યાત્મિક વિચાર પ્રબળ બનવાના મહેનતનું ફળ મલવાનું રાજકીય વ્યકિતઓ સાથે પ્રવાસ થાય. મિલ્કતથી લાભ.

**સિંહ (મ.ટ.) :-** કલર કેમીકલ્સ જેવા લાઇનમાં વિશેષ સફળતા મલવાની વિજાતીય સંબંધો ગાઢ બને સાગઇના કાર્યમાં સફળતા.

**કન્યા (પ.ઠ.ણ.) :-** લકઝરી ચીજ વસ્તુઓ પ્રત્યેનું આકર્ષણ વધવાનું લખાણના કાર્યમાં સફળતા મલવાની પ્રવાસમાં લાભ રહેવાનો.

**તુલા (ર.ત.) :-** ન ધારેલા લાભની આશા ફળવાની નોકરીમાં મનગમતી જગ્યા મલે. સામાજીક પ્રતિષ્ઠા વધવાની.

**વૃશ્ચિક (ન.ય.) :-** આવક વધારવાના પ્રયત્નો ફળવાના નોકરી ધંધામાં સફળતા રાજકીય વ્યકિતથી લાભ-માતાનો સહકાર રહે.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે. મીલ્કતની પ્રશ્નોથી લાભ સગાઇ લગ્નના કાર્યોમાં અવરોધો દૂર થાય.

**મકર (ખ.જ.) :-** ભાગીદારો સાથે મતભેદો ટાળવા જીવન સાથીનો સહકાર મેળવવો. ઇસ્પોર્ટ બેકસ પોટૃના ધંધાર્થી લાભ.

**કુંભ (ગ.શ.સ.) :-** હરીફોથી લાભ મોસાળનો સહયોગ મલે નવી યોજનામાં કોઇ ઉતાવળા નિર્ણયો લેવાથી જાળવવું.

**મીન (દ.ચ.ઝ.) :-** વધુ પડતા વિચારોને ટાળજો વિદેશથી લાભ સંતાને સહકાર દેજો માતુશ્રી સાથે ધાર્મિક યાત્રા પ્રવાસ થાય.

### કોરોના ટેસ્ટીંગની સંખ્યા વધારી હોવાથી કેસો વધારે બહાર આવ્યાં:સરકારનો બચાવ

# કોરોનાએ ગુજરાતમાં એક જ દિવસમાં સદી ફટકારી

*ગાંધીનગર,તા.૧૬*

ગુજરાતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસનો હાહાકાર વધ્યો હોય તેમ આજે એક જ દિવસમાં કોરોનાના કેસોએ સેન્ચ્યુરી ફટકારી હોય તેમ ૧૦૫ કેસો બહાર આવ્યાં હતા. જેમાં ૪૨ કેસો તો એકલા અમદાવાદના હતા. ગુજરાતમાં લોકડાઉન-૨ બાદ કોરોના પોઝીટીવના કેસોમાં સતત વધારો થઇ રહ્યો છે. જો કે તેના કારણોમાં સરકારે એવો બચાવ કર્યો કે સરકારે કોરોની ટેસ્ટીંગની સંખ્યા વધારી હોવાથી કેસો વધારે બહાર આવ્યાં છે. અને હવે લગભગ રોજના ૧૦૦ નવા કેસો બહાર આવી શકે એમ આરોગ્યમંત્રી નીતિન પટેલનું માનવુ હતું. આજે વધુ ૩ મૃત્યુ સાથે કોરોનાથી મરનારાઓની સંખ્યા ૩૬ પર પહોંચી હતી. સરકારના મતે, કોરોનાના હોટસ્પોટ વિસ્તારમાંથી વધારે કેસો આવી રહ્યાં છે. બીજી તરફ અમદાવાદ બાદ હવે સુરતમાં પણ કોરોનાને આગળ વધતો રોકવા કર્ફ્યુ લાદવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં નવા જિલ્લાઓમાં પણ કોરોનાએ એન્ટ્રી મારી છે. અને નર્મદા જિલ્લામાંથી પણ કેસ નોંધાયો છે.

રાજ્યમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. બોટાદમાં વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે જ કુલ પોઝિટિવ દર્દીનો આંક ૮૭૪ થયો છે. આ પહેલા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૧૦૫ નવા કેસ થયા છે. જેમાં ૪૨ અમદાવાદમાં, ૩૫માં સુરત કેસ નોંધાયા છે. રાજ્યમાં કુલ ૬૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જ્યારે ત્રણ નવા મોત સાથે મૃત્યાંક ૩૬ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૯૭૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે અત્યારસુધીમાં ૨૦૨૦૪ ટેસ્ટ થયા હોવાનું આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ આજે સવારની બ્રિફિંગમાં જણાવ્યું હતું.

ગુજરાતમાં કોરોના સતત પ્રસરી રહ્યો છે અને રાજ્યના ૨૩ જિલ્લામાં પહોંચી ગયો છે. કોરોનાના પગલે કચ્છમાં પહેલું મોત થયું છે. આ સાથે જ રાજ્યનો કુલ મૃત્યુઆંક ૩૬ થયો છે. જ્યારે કુલ ૮૭૧ દર્દીઓમાંથી ૬૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે આમ બુધવાર સાંજ સુધીમાં ૭૯૧ કેસ નોંધાયા હતા અને જે વધીને હવે ૮૭૧ થયા હતા.

તેમણે જણાવ્યું હતું કે, કાલે રાતથી આજે ગુરૂવારની સવાર સુધી નવા કુલ ૧૦૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં ૪૨ નવા કેસ નોંધાયા છે. સુરતમાં ૩૫, વડોદરામાં ૬, રાજકોટમાં ૩, બનાસકાંઠામાં ૪, આણંદમાં ૮ , નર્મદામાં ૪ અને ગાંધીનગર, ખેડા, પંચમહાલમાં એક એક નવા કેસો નોંધાયા છે. અત્યાર સુધી કુલ ૮૭૧ કેસ નોંધાયા છે. જેમાં વેન્ટિલેટર ઉપર ૫ લોકો છે અને ૭૬૭ લોકો સ્થિર હાલતમાં સારવાર હેઠળ છે. અમદાવાદમાં જુહાપુરા, જમાલપુર, દાણીલીમડા, મણિનગર, મેઘાણીનગર, સરસપુર અને ગોમતીપુરનો સમાવેશ થાય છે. જયંતિ રવિએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. રાજ્યમાં કુલ ૮૭૧ પોઝિટિવ કેસ થયા છે. રાજ્યમાં કુલ ૬૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જ્યારે ત્રણ નવા મોત સાથે મૃત્યાંક ૩૬ થયો હોવાનું જણાવ્યું છે.કોરોનાના વધતી જતી ચિંતા સામે ટેસ્ટિંગનું પ્રમાણ વધ્યું છે. અત્યાર સુધી કુલ ૨૦ હજાર ૨૦૪ ટેસ્ટ થયા છે. ગત ૨૪ કલાકમાં ૨૯૭૧ કેસ ટેસ્ટ કર્યા હતા. જેમાં ૧૭૭ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં કોરોનાના ટેસ્ટનું પ્રમાણ એક મિલિયન પર ૨૬૭ થાય છે, જે ભારતમાં આંકડો ૧૭૭ છે. ૨૪ કલાકમાં ૨૭૯૪ નેગેટિવ કેસ થયા છે.આજે નોંધાયેલા નવા પોઝિટિવ કેસ અમદાવાદના જુહાપુરા, જમાલપુર, દણીલીમડા, બેહરામપુર, બોડકદેવ, મણિનગર, મેઘાણીનગર, સરસપુર અને ગોમતીપુર વિસ્તારના છે. તો ૩૫ કેસમાં સુરતના મન દરવાજા, કતારગામ અને રુસ્તમપુરા વિસ્તારો આવે છે. રાજકોટના નવા કેસ જંગલેશ્વર વિસ્તારના છે.દરમ્યાનમાં, કોરોનાને કારણે સુરત શહેરના જે પોલીસમથકોના વિસ્તારમાં કરફ્યુનો અમલ થવાનો છે તેમાં સલાબતપુરા પોલીસમથક, મહિધરપુરા પોલીસમથક, લાલગેટ પોલીસમથક, અઠવા પોલીસમથક અને લિંબાયત પોલીસમથકના કમરૂનગર પોલીસમથક વિસ્તારમાં કર્ફ્યુ રહેશે. કર્ફ્યુના આ દિવસો દરમિયાન જીવનજરૂરી ચીજવસ્તુઓ જેવી કે દૂધ, શાકભાજી, દવાઓ, કરિયાણુ વગેરેની ખરીદી માટે બપોરે ૧ થી ૪ ના સમયમાં માત્ર મહિલાઓ માટે કર્ફ્યુમુકિત આપવામાં આવશે.

### છૂટછાટના અમલ માટે જિલ્લા કલેકટરોના અધ્યક્ષસ્થાને ૭ સભ્યોની કમિટી બનાવી

# રાજ્યમાં બાંધકામ સહિતની ઔદ્યોગિક અને આર્થિક પ્રવૃત્તિને ૨૦મી એપ્રિલથી શરતી મંજૂરી અપાશે

*ગાંધીનગર,તા.૧૬*


હાલ કોરોનાએ ગુજરાતમાં હાહાકાર મચાવ્યો છે અને અત્યાર સુધીમાં કોરોનાના ૮૭૪થી વધુ દર્દી નોધાઈ ચૂક્યા છે. કોરોનાને કાબૂમાં લેવા હાલ સમગ્ર દેશમાં લોકડાઉન પાર્ટ-૨ ચાલી રહ્યું છે. આ સંદર્ભે ભારત સરકારે લોકડાઉનનો સમયગાળો ૩ મે સુધી લંબાવ્યો છે. રાજ્યમાં પણ ૩ મે સુધી લોકડાઉન અમલમાં રહેવાનું છે. ભારત સરકારે વાણિજ્યિક અને ઉદ્યોગ સંબંધિત છૂટછાટો ૨૦ એપ્રિલથી અમલમાં આવે તે રીતે જાહેર કરી છે, તેના અનુસંધાને ગુજરાતમાં પણ આવી છૂટછાટો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ છૂટછાટ કન્ટેઈનમેન્ટ ઝોન સિવાય લાગુ કરવામાં આવશે. ફેક્ટરીમાં આરોગ્યલક્ષી સૂચનોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. તેમજ મનરેગા હેઠળ ગામમાં કામો શરૂ કરાશે. શહેરી વિસ્તારમાં બાંધકામ પણ શરૂ થશે.પંરતુ સાઈટ પર શ્રમિકને રહેવા-જમવા જેવી સુવિધા પૂરી પાડવી પડશે. મોટર મિકેનિક, પ્લમ્બર સહિતના સ્વરોજગાર ધરાવતા કામકાજને છૂટછાટ અપાશે.

જિલ્લા કક્ષાએ વાણિજ્યિક અને ઉદ્યોગ સંબંધિત છૂટછાટોના અમલ માટે જિલ્લા કલેકટરોના અધ્યક્ષસ્થાને ૭ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. જેમાં જી.આઈ.ડી.સી.ના સ્થાનિક વડા, શ્રમ અને રોજગાર વિભાગના અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ફેક્ટરી ઈન્સ્પેકટર, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર તેમજ સભ્ય સચિવ તરીકે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિ ભારત સરકારની ગાઈડલાઈન મુજબ વાણિજ્યિક અને ઔદ્યોગિક એકમો કામગીરી ચાલુ કરવાની મંજૂરીઓ આપશે.

વાણિજ્યિક ઊદ્યોગો અને એકમો ૨૦ એપ્રિલથી પૂરતી તકેદારી સાથે શરૂ કરી શકાશે. આ તકેદારીઓમાં કોરોનાના સંક્રમણને ધ્યાનમાં રાખીને ઉદ્યોગ વાણિજ્યિક એકમોએ થર્મલ ગન,ફરજિયાત માસ્કનો ઉપયોગ, સેનિટાઇઝેશન, સોશિયલ ડીસ્ટન્સિગ, સ્ટેગર્ડ લંચ ટાઈમ, સ્ટેગર્ડ એન્ટ્રી અને એક્ઝીટ ટાઈમ અને ક્રાઉડ ન થાય તેની ખાસ કાળજી રાખવાની રહેશે. એટલું જ નહિં, કેમ્પસમાં શ્રમિકોને રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે. જો તે શક્ય ન હોય તો કર્મચારીઓ માટે સલામત ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા સોશિયલ ડિસ્ટન્સિગ સાથે સુનિશ્ચિત કરવાની રહેશે. આમાંની કોઈ પણ વ્યવસ્થાઓનું ઉલ્લંઘન કે ભંગ થશે તો મંજૂરી પરત લઇ ઊદ્યોગ વાણિજ્યિક એકમો બંધ કરાવી દેવાશે. આવી મંજૂરી આપવા માટે જે તકેદારી રાખવાની છે તેમાં હોટસ્પોટ જાહેર કરેલા વિસ્તારમાંથી કોઇ પણ કર્મચારી, અધિકારી, શ્રમિક કામ પર ન આવે તેની કાળજી સમિતિએ લેવાની રહેશે.



મેગાસ્ટાર અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર ઘણા એક્ટિવ જોવા મળે છે. તેઓ પોતાની જૂની તસવીરો ઘણી વાર પોસ્ટ કરતા રહે છે. બિગ બીની તસવીરો માટે તેમના ચાહકો ઘણા જ ઉત્સાહિત હોય છે. તેઓ ખૂબ જ આતુરતાથી બિગ બીના ફોટાની રાહ જોતા હોય છે. હાલમાં જ બિગ બીએ તેમની એક જૂની તસવીર પોસ્ટ કરી અને લખ્યું કે આ એક ફિલ્મ મેગેઝિન માટે કરાવેલા તેમના પહેલા ફોટોશૂટની તસવીર છે. તે વખતે તેઓ કોઈ સ્ટાર નહોતા. ના તો સ્ટાઈલિશ હતા. તેમની એ તસવીર જોઈને હસવું આવી જાય કે તે વખતે તેઓ કેવા લાગતા હતા. જોકે તેમના પ્રશંસકોએ તેમના ફોટાની પ્રશંસા કરતાં કહ્યું કે તમે સ્ટાર હતા, છો અને રહેશો. અમિતાભ બચ્ચને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૫૦ વર્ષ જેટલો સમય વિતાવ્યો છે. તેમણે ૧૮૦થી પણ વધારે ફિલ્મોમાં અભિનય કર્યો છે.



રાષ્ટ્રીય પક્ષી મોરની આવી તસ્વીર ભાગ્યે જ જોવા મળે છે. ભારતીય વન સેવા અધિકારી પ્રવીન કાસવાને પોતાના ટવીટર ઉપર શેર કરી છે.

### આઈએમએફએ કોરોના સામે સમયસર લીધેલા પગલા માટે ભારતનું સમર્થન કર્યું

# આર્થિક મંદી હોવા છતા ભારત સરકારે દેશવ્યાપી લોકડાઉન જાહેર કર્યુઃ IMF

વોશિંગ્ટન,તા.૧૬

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળએ કહ્યું કે તેઓ કોરોના વાયરસના વધતા જતા વ્યાપને રોકવા માટે ભારતે પરિસ્થિતિ હાથમાંથી સરી પડે તે પહેલા જ જાહેર કરાયેલા દેશવ્યાપી લોકડાઉનનું સમર્થન કરીએ છીએ. આના એક દિવસ અગાઉ મંગળવારે જ પોતાના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકમાં ૨૦૨૦માં ભારતનું વિકાસ દર ૧.૯ ટકા રહેશે તેવું અનુમાન લગાવ્યું હતું. આઈએમએફના એશિયા અને પ્રશાંત વિભાગના નિર્દેશક ચાંગ યોંગ રીએ અહીં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પત્રકારોને કહ્યું, આર્થિક મંદી હોવા છતા પણ સરકારે દેશવ્યાપી લોકડાઉન લાગુ કરી દીધું હતું અને આ માટે અમે ભારતે સમયસર લીધેલા આ નિર્ણયનું સમર્થન કરીએ છીએ.

ભારતમાં ૨૫ માર્ચના રોજ ત્રણ અઠવાડિયા સુધીનું લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું જે ૧૪ એપ્રિલના રોજ પૂર્ણ થયા બાદ તેને ૩ મે સુધી લંબાવી દેવામાં આવ્યું છે. આઈએમએફએ કહ્યું કે સમગ્ર એશિયા-પ્રશાંત વિસ્તાર પર કોરોના વાયરસની અસર ગંભીર અને અભૂતપૂર્વ રહેશે. ૨૦૨૦માં એશિયાની વૃદ્ધિમાં અટકી જશે. જોકે, તેમણે કહ્યું કે આ વર્ષે કેવો વિકાસ થશે તે કહેવું એ કહેવું અનિશ્ચિત છે. જો આ વાયરસ પર નિયંત્રણ લગાવવાની નીતિમાં સફળતા મળશે તો વર્ષ ૨૦૨૧માં વૃદ્ધિ દરમાં ફરીથી ઉછાળો આવી શકે છે.

રીએ કહ્યું કે આ પહેલાની જેમ વ્યવસાય કરવાનો સમય નથી. આપણે આ વર્ષના અંત સુધીમાં આર્થિક પ્રવૃત્તિમાં ઉછાળો આવવાની આશા છે કારણ કે ચીન સૌથી પહેલા આ વાયરસના પ્રકોપમાંથી બહાર આવતું જોવા મળી રહ્યું છે. જોકે, કેટલીક ખબરો એવી પણ મળી રહી છે કે ચીનમાં કોરોના વાયરસે ફરીથી દેખા દીધી છે જેના કારણે હજી ત્યાં પરિસ્થિતિ થાળે પડતા થોડો સમય લાગી શકે છે. તેમણે જણાવ્યું કે જાપાનનો આર્થિક વિકાસનું અનુમાન પણ નિરાશાજનક થઈ ગયું છે. કોરોના વાયરસની અસરના કારણે જાપાનમાં જીડીપી ૫.૨ ટકા સુધી નીચે જઈ શકે છે.

# કોરોના મહામારીઃ રસીકરણ અટકતાં ૧૧.૭ કરોડ બાળકોને ઓરીનો ખતરો

પેરિસ,તા.૧૬

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અને યૂનિસેફ તરફથી કહેવામાં આવ્યું છે કે વર્તમાનમાં ૨૪ દેશોએ રસીકરણનું કામ અટકાવી દીધું છે અને કોરોના વાયરસના કારણે ૧૩ અન્ય દેશોમાં પણ રસીકરણ કાર્યક્રમને અસર પહોંચી છે. સંયુક્ત રાષ્ટ્રના સ્વાસ્થ્ય સંગઠનોએ મંગળવારે ચેતવણી આપી છે કે દુનિયાભરમાં ૧૧.૭ કરોડ બાળકો ઓરીના ખતરાનો સામનો કરી રહ્યા છે, કારણ કે કેટલાક દેશોએ કોરોના વાયરસના ચેપની વચ્ચે રસીકરણ અભિયાન મર્યાદિત કરી દીધું છે.

# દિલ્હીમાં પિઝા ડિલિવરી બોયનો કોરોના રિપોર્ટ પોઝિટિવઃ૭૦ લોકોને ક્વોરન્ટાઇન કરાયા

ન્યુ દિલ્હી,તા.૧૬

દિલ્હીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સાઉથ દિલ્હીમાં એક પિઝા ડિલીવરી બૉય કોરોના વાયરસ પોઝીટીવ હોવાનું સામે આવ્યું છે. તે બાદથી ૭૦ લોકોને ક્વોરંટીન કરવામાં આવ્યા છે. આ ઘટના સામે આવ્યા બાદ હૌજ ખાસ અને માલવીય નગરના વિસ્તારમાં હડકંપ મચી ગયો. આ જગ્યાઓ પર જ તેણે પિઝા ડિલિવર કર્યા હતાં. કોરોનાના કોઈ લક્ષણ જોવા મળ્યા બાદ જ આ લોકોનો ટેસ્ટ કરવામાં આવશે.

જણાવી દઈએ કે કોરોના વાયરસના સંક્રમણના મોટાભાગના કેસ ધરાવતા જિલ્લાઓમાં, તેને ફેલાતો રોકવા માટે કેન્દ્ર સરકારે કડક દિશાનિર્દેશ જારી કર્યા છે. કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત ૧૭૦ જિલ્લાઓને હોટસ્પોટ જિલ્લા તરીકે અને બાકીના જિલ્લાઓને સંક્રમણ મુક્ત હોવાના કારણે ગ્રીન ઝોન જિલ્લા તરીકે ચિહ્નિત કર્યા છે.

# તમામ પોલિસીધારક ૧૫ મે કે તેની પહેલાં ચૂકવણી કરી પોલિસી રિન્યુ કરાવી શકશે

ન્યુ દિલ્હી,તા.૧૬

કોરોના વાયરસના લીધે કેટલાંય દેશોના અર્થતંત્રને ભયંકર ધક્કો લાગ્યો છે. ભારત પણ આ કડીમાંથી બાકાત નથી. કેન્દ્ર સરકાર પ્રજાને રાહત આપવા માટે શકય દરેક પગલાં ઉઠાવી રહ્યું છે. હવે લોકડાઉનના લીધે જે પોલિસીધારોકના સ્વાસ્થ્ય અને મોટર (થર્ડ પાર્ટી) વીમા પોલિસી રિન્યુ કરાવી શકયા નથી તેમની મુશ્કેલીઓને ઓછી કરતા સરકારે એક નોટિફિકેશન રજૂ કર્યું છે. તેના મતે તમામ પોલિસીધારક ૧૫મી મે કે તેની પહેલાં ચૂકવણી કરીને પોતાની પૉલિસી રિન્યુ કરાવી શકે છે.એસોચેમનું કહેવું છે કે લોકડાઉનાન લીધે અર્થતંત્રને દરરોજનું ૨૬૦૦૦ કરોડનું નુકસાન થયાની આશંકા છે. હવે ઉદ્યોગજગતની માંગણી છે કે સરકાર બિઝનેસને થયેલા લાખો કરોડો રૂપિયાની નુકસાની માટે એક રિલીફ અને ઈકોનોમિક સ્ટિમ્યુલસ પેકેજ આપે.એસોચેમના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ.નિરંજન હીરાનંદાનીએ એક નિવેદન રજૂ કરીને કહ્યું કે લોકડાઉનના લીધે અર્થતંત્રને ૨૬૦૦૦ કરોડની નુકસાની ગયાની આશંકા છે.

# મૌલાના સાદનો કોરોના ટેસ્ટ રિપોર્ટ નેગેટિવઃ બે સંબંધી પોઝિટિવ મળતા ચકચાર

ન્યુ દિલ્હી,તા.૧૬

તબલીગી જમાતના અધ્યક્ષ મૌલાના સાદ કોરોના પોઝિટિવ નથી. સૂત્રોનું માનીએ તો સાદના કોરોના ટેસ્ટનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સાથોસાથ એવા અહેવાલ પણ મળી રહ્યા છે કે મૌલાના સાદ દિલ્હીના જાકિર નગર વિસ્તારમાં જ છે. પ્રાઈવેટ ડૉક્ટરોની ટીમ સાદના હેલ્થ ચેકઅપ કરે છે. બીજી તરફ, ઉત્તર પ્રદેશમાં રહેનારા સાદના બે સંબંધીઓ કોરોનાની ઝપટમાં આવી ગયા છે. તેમના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે. બંને સંબંધી પણ મરકઝ આવ્યા હતા.જાણકારોનું માનીએ તો મૌલાના સલમાન મૌલાના સાદના સસરા છે. સસરાના વેવાઈના બે નાના ભાઈના કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ બંને યુવક પણ નિઝામુદ્દીન સ્થિત તબલગી જમાતના મરકઝમાં રોકાયા હતા. હવે એક દિવસ પહેલા તેમના સંક્રમિત હોવાના અહેવાલ સામે આવ્યા હતા. આ બાબતની જાણ થતાં જ પ્રશાસને સહારનપુરના મુફ્તી વિસ્તારને સીલ કરી દીધો છે. હવે કોઈને પણ આ વિસ્તારમાં આવવા-જવાની મંજૂરી નથી. પોલીસ ફોર્સ પણ તૈનાત કરી દેવામાં આવ્યો છે.

સૂત્રોનું માનીએ તો દિલ્હીમાં તબલીગી મરકઝ સાથે જોડાયેલા જમાતીઓને શોધવા હવે મુશ્કેલ નહીં રહે. જમાતી ઘરમાં હોય કે મસ્જિદમાં તેની જાણકારી સરળતાથી મળી જશે. દિલ્હી સરકારની ૧૩ હજાર ટીમ હવે દિલ્હીના દરેક મોહલ્લા અને કોલોનીમાં કોરોના સંક્રમિતોને શોધવા માટે અભિયાન ચલાવી રહી છે.

## હિંમતનગરના આવો કોઈની મદદ કરીએ ગ્રુપ
# ગરીબો-મધ્યમવર્ગ પરીવારો માટે અન્નનો કોઠાર બન્યુ છે.



ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત ધ્વારા સાબરકાંઠા-અરવલ્લી માં ૧૨,૫૦૦ કીટો નુ વિતરણ કરવામાં આવ્યુ.. તથા ગરીબો ને સવાર-સાંજ જમાડવામાં આવે છે.

ગરીબો ,વિધવા , દિવ્યાંગો બાદ હાલ આ ગ્રુપ મધ્યમવર્ગો ની વ્હારે આવ્યુ છે. ગરીબ માંગી લેશે , અમીરને જરુર નથી, મુઝવણ માં મધ્યમવર્ગ છે, જેને આજ સુધી માંગ્યુ઼નથી, એ પરીવારો ની હાલત઼કફોડી બની છે. ધીમે ધીમે પૈસા વગર ધીરજ પણ ઘટવા લાગી છે, ધંધા રોજગાર બંધ છે... આવકનો કોઈ સ્ત્રોત નથી, એ આજની઼વાસ્તવિક્તા છે આવા સંકટ સમયે આવા પરિવાર માટે આવો કોઈની મદદ કરીએ ગ્રુપ આવા મધ્યમવર્ગ ની ચિંતા કરે છે

મધ્યમવર્ગ ને કરીયાણા-કીટ લેતા સંકોચ ના થાય ફોટો પડે એની સરમીદગી ના અનુભવે એ માટે માહીતી મળનાર મધ્યમવર્ગ ના પરીવાર ના ઘરની બહાર કરીયાણા કીટ મુકવામાં આવે છે ગ્રુપ ધ્વારા જીલ્લા ની પોલીસ ને હેન્ડગ્લોસ - માસ્ક નુ વિતરણ કરવામાં આવે છે.

જીલ્લા માં પ્રથમ આ ગ્રુપે સેવા ચાલુ કરી હતી, અત્યારસુધી ગ્રુપે ફોટા મુક્યા એનો હેતુ લોકો સેવા કરવા પ્રેરાય એવો હતો , જે બધા ભાઈઓ અને ગ્રુપો-સંઘઠનો એ પ્રેરાઈ જોડાયા એટલે એમનો હેતુ઼સાર્થક ગ્યો છેમદદ આપેલા પરીવાર ની માહીતી ગુપ્ત રાખવામાં આવેછે

# કોરોના સંક્રમણની તપાસનો રિપોર્ટ ૧૦૦ ટકા સટીક હોતો નથી, વિશેષજ્ઞોનો ખુલાસો

ગાંધીનગર,તા.૧૬

કોરોના વાયરસના સંક્રમણની ઓળખ કરવામાં આવતી તપાસ ઉપર પણ હવે સવાલો ઉભા થવા લાગ્યા છે. નિષ્ણાતો માને છે કે કોઈ પણ પરીક્ષણ ૧૦૦ ટકા સચોટ હોતા નથી. વિવિધ રિપોર્ટ મુજબ, ચેપગ્રસ્ત વ્યક્તિઓમાં સંક્રમણની ઓળખ કરવા માટે તપાસ ૩૦% સુધી ખોટી હોઈ શકે છે. અમેરિકાનાં એક મોટા અખબારના અહેવાલમાં, યેલ યુનિવર્સિટીના પ્રોફેસર ડો.હાર્લન એમ. ક્રુમહોલ્ઝે કહ્યું હતું કે, દુર્ભાગ્યથી આપણી પાસે આ પરીક્ષણો સાથે સંકળાયેલા ફોલ્સ નેગેટિવ રિપોર્ટના દરથી સંબંધિત જાહેર આંકડા ઓછા છે. જો કે, ચીનમાં કરવામાં આવેલા પ્રારંભિક સંશોધનથી જાણવા મળ્યું છે કે કોવિડ -૧૯ ની સૌથી પ્રચલિત પરીક્ષણમાં ફોલ્સ નેગેટીવ રિપોર્ટ આવવાની સંભાવના લગભગ ૩૦ ટકા છે. આ પરીક્ષણને રિવર્સ ટ્રાંસક્રિપ્ટ પોલિમરેઝ ચેઇન રિએક્શન (આરટી-પીસીઆર) કહેવામાં આવે છે.

ચીનમાં થયેલાં સંશોધનની હજી સુધી વ્યાપક સમીક્ષા કરવામાં આવી નથી. પરંતુ તેના પરિણામોએ નિષ્ણાતોની ચિંતા વધારી છે. ઘણા નિષ્ણાતો કહે છે કે કોવિડ -૧૯ પરીક્ષણના કિસ્સામાં ફોલ્સ નેગેટીવ રિપોર્ટનો દર યુ.એસ.માં પણ વધારે હોઈ શકે છે. મેસાચ્યુસેટ્સ હેલ્થકેરના પ્રમુખ ડો. એલન ચૌઈએ જણાવ્યું હતું કે, મારા ઘણા દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે, જ્યારે તેમના લક્ષણો જોતા મને લાગે છે કે તેઓ કોવિડ -૧૯ થી પીડિત છે. ‘લાઈવ સાયન્સ’ ના અહેવાલ મુજબ, આરટી-પીસીઆર પરીક્ષણમાં દર્દીના લાળ અને કોષોમાં હાજર વાયરલ આનુવંશિક સામગ્રીનાં અંશોનો ઉપયોગ કરવામાં આવે છે.

આ વસ્તુઓના નમૂનાઓ દર્દીના નાકની ઘણી અંદરથી લેવામાં આવે છે. વાયરલ આનુવંશિક સામગ્રી (આર.એન.એ.) સિવાયની દરેક વસ્તુને નાબૂદ કરવા માટે ડોકટરો દર્દીઓ પાસેથી લીધેલા નમૂનાઓ પર કેમિકલનો ઉપયોગ કરે છે. ત્યારબાદ નમૂનામાં એન્ઝાઇમ ઉમેરવામાં આવે છે. તેનાથી એક રાસાયણિક પ્રક્રિયા શરૂ થાય છે જે આરએનએ ને ડીએનએમાં ફેરવે છે. તેને બાદમાં મશીનમાં સંસાધિત કરવામાં આવે છે.

અને તેની નકલો બનાવી શકાય છે. પૂરતી ડીએનએ નકલો એકત્રિત કર્યા પછી, વૈજ્ઞાનિકો નમૂનામાં ફ્લોરોસન્ટ ટેગ્સ મૂકી શકે છે, જે ચોક્કસ આનુવંશિક પદાર્થોના અંશો સાથે જોડાવાથી ચમકવા લાગે છે. આ ચમક કોવિડ -૧૯ માટે જવાબદાર સાર્સ-સીઓવી -૨ વાયરસની હાજરીનો સંકેત છે.

## લીમડી મુક્તિરંજન હોસ્પીટલ દ્વારા
# લીમડીના જુદા જુદા સ્થળ પર તૈનાત સુરક્ષા જવાનો માટે આયુર્વેદીક ઉકાળા વિતરણનું ઉમદા કાર્ય



દાહોદ, તા. ૧૬

કોરોના વિષાણુંના સંક્રમણને રોકવા સુરક્ષા કર્મીઓ દિવસરાત કાર્યરત છે, ફરજના કલાકો ઉપરાંત પણ તેમણે ખડેપગે કાર્યરત રહેવું પડે છે ત્યારે લીમડી મુક્તિરંજન હોસ્પીટલ દ્વારા લીમડી ગામના જુદા જુદા સ્થળ પર તૈનાત સુરક્ષા જવાનો માટે આયુર્વેદીક ઉકાળા વિતરણની કામગીરી કરવામાં આવી હતી. પોલીસકર્મીઓ, વનવિભાગના જવાનો અને નિવૃત્ત બીએસએફના જવાનોને આ ઉકાળાનું વિતરણ સામાજિક અંતર સાથે કરવામાં આવ્યું હતું.

હોસ્પીટલના સ્ટાફ સહિત આ ઉમદા કામગીરીમાં ડો. આર.આર.પટેલ, તથા લીમડી ગામના સરપંચ શ્રીમતી શિલાબેન મોરી જોડાયા હતા. તેમણે જણાવ્યું કે, સુરક્ષા જવાનો સતત આપણા માટે ફરજ બજાવી રહ્યા છે. તેઓ સતત અનેક લોકોના સંપર્કમાં આવતા હોય તેમની રોગપ્રતિકારક શક્તિ સારી હોય તે જરૂરી છે. માટે અમે લીમડીમાં તૈનાત તમામ પોલીસ જવાનોને આયુર્વેદીક ઉકાળા વિતરણ કર્યુ છે.

મહેન્દ્ર

# કર્મચારીઓના પગાર અને પેન્શન ચૂકવવા ગુજરાત સરકારે ઉધાર લીધા ૨૧૦૦ કરોડ

ગાંધીનગર,તા.૧૬

ઘણા વર્ષો પછી પહેલીવાર એવું બન્યું છે કે રાજ્ય સરકારે નાણાકીય સંસ્થાઓ પાસેથી રૂપિયા ઉધાર લીધા હોય. કોવિડ–૧૯ના સંકટના કારણે સરકાર પાસે ભંડોળ ખૂટી પડું છે પરિણામે નાણાકીય સંસ્થાઓની મદદ લેવી પડી છે. ગુજરાત સરકારે એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં વાર્ષિક ૭.૫%ના વ્યાજે ૨,૧૦૦ કરોડ પિયા ઉછીના લીધા છે. હવે લોકડાઉન ૩ મે સુધી લંબાવવામાં આવ્યું છે ત્યારે રાજ્ય સરકાર બેંકો પાસેથી પણ રકમ ઉધાર લઈ શકે છે. જેથી કર્મચારીઓને પગાર અને પેન્શનધારકોને પેન્શન ચૂકવી શકાય. ઉપરાંત કોરોના વાયરસની મહામારીના કારણે જાહેર કરેલા રાહત કાર્યો પાછળ ખર્ચ કરી શકાય.સરકારને ૨૦ એપ્રિલથી આંશિક રાહત મળશે કારણકે અમુક ઈન્ડસ્ટ્રીઓ ફરીથી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે. સરકારના મહત્વના સૂત્ર તરફથી મળેલી જાણકારી પ્રમાણે, માર્ચ મહિનામાં વિવિધ ક્રોતો તરફથી રેવન્યૂ મેળવવામાં નિષ્ફળ રહ્યા. પરિણામે સરકારને ૭.૫% જેટલા ઐંચા વ્યાજદરે ૨,૧૦૦ કરોડ પિયા લેવા પડા કારણકે લોકડાઉનના લીધે બીજા રાયો પણ ભંડોળ મેળવવાની હોડમાં હતા.

# આજે સમગ્ર દેશમાં લોકડાઉન નો ૨૩ મો દિવસ લોકો દ્વારા ચુસ્તપણે થઈ રહ્યો છે અમલ



ચાણસ્મા તાલુકાના મેરવાડા ગામમાં ગામના સરપંચ શ્રી સાગરભાઇ દેસાઇ તેમજ પંચાયતના સભ્યો તેમજ ગ્રામ સેવક કુલજીભાઇ દેસાઇ શ્રી .ગામના સેવાભાવિ યુવાનો દ્વવારા આજ રોજ સમસ્ત ગામમાં મહોલ્લા .શેરી .માઢ .પંચાયત તેમજ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર.શાળા અને ગામમાં તમામ જગ્યાએ સેનીટાઇઝર દવાનો છંટકાવ કરવામાં આવ્યો ......આ સમગ્ર જહેમત મુકેશભાઇ પટેલ .ઉપ .પ્રમુખ .વિનયસિહ ઝાલા .જિલ્લા મંત્રી દાદુજી ચાવડા . જિલ્લા ઉપ પ્રમુખ .ઉપેન્દ્ર પટેલ .તાલુકા ભાજપ પ્રમુખ કિરણ જાની તાલુકા મહામંત્રી ચંદુલાલ પટેલ .પૂર્વ પ્રમુખ મનોજ પટેલ .પૂર્વ મહામંત્રી મહેશ ચૌધરી મહામંત્રી દિલીપ જોશી તેમજ સમગ્ર તાલુકા ભાજપ ની ટીમ ગામ ના સરપંચો ગામના આગેવાન કાર્યકર્તા સર્વ લોકો એભારે જહેમત ઉઠાવી સંપૂર્ણ તાલુકા મો કામગીરી કરી હતી.મેરવાડા ગામના સેવાભાવી યુવાનો દ્વારા બહાર અવર જવર કરતા લોકો ની પૂછપરછ વગર પ્રવેશ કરવામાં દેવામાં આવતો નથી .....કોરોના વાયરસ સામે રક્ષણ મેળવવા સરપંચ શ્રી સાગરભાઇ દેસાઇ ગ્રામ સેવક કુલજીભાઇ દેસાઇ.દ્રવારા ગમાનાલોકોને કહેવામાં આવ્યું ઘરમાં રહો અને સુરક્ષીત રહો,નિખિલ જોશી.ચાણસ્મા

# બકાનાં ગતકડાં ભાગ ૪
# જનતા કરફ્યુ

લેખક : નિકેતા વ્યાસ - કુંચાલા

મીઠી મધુરી શરણાઈની સૂરાવલી વચ્ચે મંત્રોચ્ચાર નો મંગળ ધ્વનિ સંભળાતો હતો. વર-વધુના મંગળ ફેરા આજુબાજુથી ગુલાબની પાંદડીઓનો વરસાદ કરીને વધાવાઈ રહ્યાં હતાં. હાથમાં તલવાર અને માથે સાફામાં શોભતો બકો ગોર મહારાજના ઈશારે રોકાયો.

× અહીં તમારો જમણો પગ અડકાડો.× પછી બીજા ગોર મહારાજે ધીમે ધીમે આગળ વધવા ઈશારો કર્યો. એક જ ડગલું આગળ ચાલ્યો ત્યાં પાછળ ચાલતી પદમણી નારે વરમાળા જરાક અમથી ખેંચીને ધીમે ચાલવા ઈશારો કર્યો.હજી એણે સોપારીને પગ અડાડવાનો બાકી હતો.બકાએ તરત પાછળ જોયું.આ શું...?

ગરમ ગરમ પ્રવાહી શરીરને અડતાં જ એક ઝાટકે પથારીમાંથી બેઠાં થઈ જવાયું. અરે યાર... નાની સાળીના ટેણિયાએ ઊંઘમાં પથારી ભીની કરેલી. પાછું એ તો મારું બેટું ભર ઊંઘમાં એટલું ક્યુટ લાગે ને !!! એને વ્હાલ કરવાનું મન થઇ ગયું...ધીમેથી બકો રૂમની બહાર આવ્યો.

કોરોના મહામારીને પગલે નિશાળોમાં વેકેશન જાહેર થતાં ત્રણેય સાળીઓ છોકરાઓ સાથે રહેવા આવી હતી. સવારની મસ્ત આદુ ફુદીનાવાળી ચા પીને છાપું હાથમાં લીધું.ગુજરાતમાં કોરોનાના કેસ પોઝિટિવ નીકળતાં હાઈ એલર્ટ હતું. દેશના પ્રધાનમંત્રીએ કોરોના સામે જીતવા આજે આખા દેશમાં જનતા કરફ્યુનું પાલન કરીને ઘરમાં જ રહેવા અપીલ કરી હતી.

શ્રીમતીજીના આગ્રહથી બકાએ માળિયું સાફ કરી આપવાનું સ્વીકાર્યું. માળિયામાં સાવરણી ને સાવરણા, તપેલાં ને કોઠીઓ, ડબલા ને ડૂબલીઓ, દેગડા ને કોઠીઓ, ટાઇલ્સની પેટીઓ, લાકડાંના પાટિયાં, કલરની પીંછીઓ, તારના ગુંચળા, તૂટેલી ખુરશીઓ, જૂની ટીપોઈ, જૂનું મંદિરીયું...અરે કેટકેટલી વસ્તુઓ ...! બધું નીચે રવાના કર્યું નીચેની ફોજ સામાનની સાફસફાઈમાં પરોવાઈ. પરિણામે ઘરમાં ચાર ચાર બૈરાં હોવા છતાં કચરા પોતું તો બકાએ જ કરવાના હતાં.

એક તો બંધ માળિયું. કરોળિયાના જાળા. માટીના થર. ગૂંગળાવી નાંખતી ભેજની ગંધ.એમાં સાફ કરવાની લ્હાયમાં બિચારા બકાને શરદી થઈ ગઈ. સામાન સાફ થઈને આવી જાય ત્યાં સુધી માળિયામાં જ બેસવાનું હતું. બકો છીંક રોકી શકે ખરો ? છીંકો તો મારી બેટી ચાલુ થઈ ગઈ તે બંધ જ ના થાય .......ખાલી માળિયાની છીંકો ઘરની બહાર પણ પડઘાવા લાગી.

ખટપટીયા ઐયરે ફોન કરી બકાના ઘરમાં શંકાસ્પદ કોરોનાના કેસ હોવા અંગે માહિતી આપી પડોશીધર્મ બજાવ્યો. કેમ ના બજાવે ? શંકાસ્પદ દર્દી વિશે માહિતી આપનારને સરકારે દસ હજાર રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. થોડીવાર થઈ ત્યાં બકાની સોસાયટીમાં કોર્પોરેશનની મેડિકલ ટીમ ,પોલીસની ગાડીઓ , જાત જાતની ન્યૂઝ ચેનલોની વાનોનો ખડકલો થઈ ગયો.

બકાના ઘરમાં કોઈ કશું સમજે એ પહેલાં આ લોકોએ એના આખા ઘરનો કબજો લઈ લીધો. માળિયે બેઠેલો બકો કેમેરામાં આબાદ ઝડપાઇ ગયો. બધી લેડીઝ બહાર ચોકડીમાં સામાન સફાઈમાં વ્યસ્ત હતી. માળિયેથી પડેલી ધૂળ આખા ઘરમાં પથરાયેલી. ઘરમાં કોઈએ માસ્ક પહેરેલો નહીં...... અને માળિયેથી બકાની નોનસ્ટોપ છીંકો ચાલુ.આ સિનારિયો જોઈને ડોકટરોએ જે ખખડાવ્યા છે કંઈ બિચારાઓને ...!

બધી જ ન્યૂઝ ચેનલ ઉપર બકો ,બકાનું ઘર અને ફેમિલી દેખાડવા માંડ્યા. ×અમદાવાદમાં મળ્યો છે એક કોરોનાનો શંકાસ્પદ કેસ... આવો જાણીએ એના વિશે.×

પોલીસના સવાલોનો મારો ઘરની એકેએક વ્યક્તિ ઉપર ચાલુ હતો. કોનું ઘર છે ?મુખ્ય વ્યક્તિ કોણ છે ? કોણ કોણ રહે છે ? કેટલાં મહેમાન છે ? ક્યાંથી આવ્યાં છે ? ક્યારે આવ્યાં છે ? કેવી રીતે આવ્યાં છે ? કોણ બીમાર છે ? છીંકો કોને કોને આવે છે ? કયા પ્રકારની આવે છે ? અત્યાર સુધીમાં કેટલી મોટી છીંક આવી, કેટલી મીડીયમ છીંક આવી, કેટલી નાની છીંક આવી ? દર મિનિટે સરાસરી કેટલી છીંક આવે છે ? ઘરની બહાર કોણ કોણ ગયાં ? ક્યાં ક્યાં ગયાં ? કોને કોને મળ્યાં ?કેટલાને સ્પર્શ કર્યો ?ક્યાં કર્યો ?કેમ બીમારી અંગે જાણ ના કરી ? શું ખાધું ? શું પીધું ? વગેરે વગેરે.

× અરે બાપા કોઈ બીમાર નથી. હું સફાઈ કરવા માળિયે ચઢ્યો એમાં ધૂળ લાગવાથી શરદી થઈ છે. બીજું કંઈ નથી.× એવું કહેવા છતાં બકાને પકડીને કોરોના દર્દીઓ માટેના સ્પેશ્યલ આઇસોલેશન વોર્ડમાં દાખલ કરી દેવામાં આવ્યો.આખું ઘર સેનીટાઇઝ કરવામાં આવ્યું. બધાને ઘરમાં જ નજરકેદ કરી દીધાં. પાછળથી બકાનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતાં રાત્રે એને ઘરે જવા દેવાયો.ત્રણેય સાઢુભાઈ મારતે ઘોડે પોતાની પત્ની અને બાળકોને લેવા આવી પહોંચ્યા હતાં.

સોસાયટીમાં પગ મૂકતા વેંત સીધો પહોંચ્યો પટેલના ઘરે .×આવો બકાભાઈ કેમ છે તબિયત હવે ?×

×પટેલ પહેલા એ કહે કે હું કોરોનાની ઝપટમાં છું એવો પોલીસને કોણે ફોન કરેલો ?તું સોસાયટીનો ચેરમેન છે, તને ખબર જ હોય.×

×પણ મારું નામ ના આવવું જોઈએ.×

×અરે બેફિકર...×

×ઐયરે.×

એક સાથે બે બે પગથિયાં કૂદતો પહોંચ્યો ઐયરના ઘરે.બેલ મારી. અંદરથી પૂછ્યું:×કૌન હૈ ?× ફરી બેલ મારી. ફરી પૂછ્યું. આમ ઘડીક ચાલ્યું. છેવટે બારણું ખુલતાં ધક્કો મારીને બકો અંદર ઘુસી ગયો.

×કેમ અલ્યા ,મને કોરોનાની અસર છે એવું તને કોણે કીધું ?×

×નૈ ઐસા મેરે કો લગા. તુમ જો છીંક ખાતા થા ઈસ લિયે.×

×કેમ તારા બાપગોતરમાં કોઈએ છીંક ખાધી નથી ? છીંક ખાય એટલે શું કોરોના થઈ જાય એમ ? આવ... અહીં આવ સાલ્લા તારી ઉપર જ છીંકો ખાવા આવ્યો છું.× કહીને બકાએ ઐયર ભણી દોટ મૂકી. બીધેલો ઐયર અગાસીમાં ભાગ્યો. હીંચકાની ચારે તરફ ફેરફુદરડી ફરતાં ફરતાં ઐયર વળી ડ્રોઈંગરૂમમાં થઈને દાદરા તરફ નાઠો. બકાએ દાદરામાં જોરથી હાક પાડી:×એય... ઊભો રહેજે નહીંતર જોયા જેવી કરીશ.×

ગભરાયેલો ઐયર ઉતાવળમાં દાદરેથી ગોઠીમડું ખાઈ ગયો. બકાને એકદમ સ્પીડમાં આવતો જોઈ ગભરાઈને લંગડાતો લંગડાતો ય ઊભો થઈને દોડ્યો. સોસાયટીમાં દોડાવી દોડાવીને અધમૂઓ થઈ ગયેલા ઐયરે નાકેથી પસાર થતી પોલીસવાન જોઈ ઈશારાથી ઊભી રખાવી. ફૂલી ગયેલા શ્વાસે એટલું જ બોલી શક્યો:×મેરે કો ઈધર સે જાના હૈ.× આખા દિવસના બંદોબસ્તમાં કંટાળેલા જમાદારે ડોળા કાઢ્યા :×જનતા કરફ્યુ છે. જાતે ઘરમાં રહેવાનું છે. અહીં જઉં ને તહીં જઉં કર્યું છે ને તો લોકઅપમાં જ દેખાઈશ.× અને પોલીસવાન આગળ વધી ગઈ.

સોસાયટીના પાંચ સાત જણા બકાને ઠંડો પાડવા પ્રયત્ન કર્યો. બે-ચાર જણા એ ઐયરને માફી માગવા સમજાવ્યો.

×બકાભાઈ મેરી ગલતફહમી હો ગઈ. મુઝે માફ કર દો.×

×તારે દસ હજાર ઇનામ જોઈતું હતું ને ? હવે તું.... જોઈ લે.... હું તારી ઉપર બદનક્ષીનો દાવો કરીશ. તારે મને પૈસા આપવા પડશે.×

જનતા કરફ્યુના દિવસે

બકો સપરિવાર ફેમસ થઈ ગયો. ઓફીસ તરફથી બકાને ચૌદ દિવસની સ્પેશિયલ રજા આરામ કરવા આપી. પચાસ હજાર રૂપિયા વગર માંગે ખર્ચ કરવા માટે આપ્યાં. બદનક્ષીના દાવાથી બચવા ઐયરે એક લાખ બકાને તરત જ આપી દીધા.સાઢુભાઈઓએ સામેથી કહ્યું કે હવે અમે તમારા ઘરે નહીં આવીએ. તમારે અમારા ઘરે આવવાનું. ટૂંકમાં સાળીઓની વાર્ષિક હેરાનગતિ બંધ.બકાના આખા ઘરમાં સરકારી ખર્ચે જંતુમુક્ત સફાઈ થઈ ગઈ.મફતમાં બધાનું હેલ્થ ચેકઅપ થઈ ગયું એ નફામાં.આખી સોસાયટીએ કોરોના લાઈવ જોઈ દિવસ પસાર કર્યો

ઐયરનો પગ મચકોડાઈ ગયો છે, પણ બકાની ધાકથી કોઈ એની ખબર કાઢવા ગયું નથી. એ સિવાય સોસાયટીમાં બકા અને ઐયરની રમુજી દોડપકડની વીડિયો કલીપ વાયરલ થઈ. લોકોને મફત તમાશો જોવા મળ્યો. બકો હજી એ વિચારમાં છે કે એ કોણ હતી જેણે ખાલી મારા સપનામાં પગલાં પાડ્યાં ; એમાં તો એક જ દિવસમાં મારી આખી દુનિયા જ બદલી નાંખી...!!! નેઈમ, ફેઈમ ,ફેસિલિટી, એન્ડ કેશ...

# ગુજરાત વિશ્વગુરુ બનવા જઈ રહ્યું છે ત્યારે કેન્દ્ર કે રાજ્ય સરકાર કોમનમેનો માટે પેકેજ ક્યારે જાહેર કરશે....?

(જીએનએસઃ હર્ષદ કામદાર)

દાનવ રૂપે ત્રાટકેલા કોરોના વાયરસે વિશ્વભરના દેશોના બાહ્ય અને આંતરિક વ્યવહારોને હચમચાવી નાખ્યા છે. વિશ્વભરમાં ૨૧ લાખ ઉપરાંત લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે તો મૃતાક દોઢ લાખ તરફ આગળ વધી રહ્યો છે. ભારતમાં કોરોના કેસનો આક ૧૨૦૦૦ થવા તરફ આગળ વધતો રહ્યો છે અને ૩૬ ના મૃત્યુ નોંધાયા છે. જ્યારે મહારાષ્ટ્ર કોરોના કેસો અને મૃતિકમા સૌથી આગળ છે ત્યારે ગુજરાતમાં કુલ ૮૭૧ પોઝિટિવ જ્યારે મૃતાક ૩૬ નોંધાયા છે. પરંતુ અમદાવાદ અને સુરતમાં કોરોના કેસોનો આક રોજબરોજ વધતો જઈ રહ્યો છે તેના પરિણામે રાજ્યમાં પોલીસની મદદ માટે એસઆરપી, બીએસએફ અને મેદાનમાં ઉતારવાની ફરજ પડી છે. શરૂઆતમાં પોલીસની મદદમાં હોમગાર્ડ જવાનોને ઉતાર્યા ત્યાર બાદ એનસીસી યુવાઓને પરંતુ કેટલાક નાસમજ દર્દીઓના ડૉક્ટરો અને સ્ટાફ સાથેનો દુર્વ્યવહાર, કોરોના ટેસ્ટ કરવા સામે વિરોધ, તેમજ ર્ક્ષ્ઠાર્ક્ષ્હ ના નિયમોનુ સતત ઉલંઘન થતા અમદાવાદના કોટ વિસ્તાર, દાણીલીમડા, સુરતના વરાછા, સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ સહિતના વિસ્તારોમાં કર્ફ્યુ લાદવાની ફરજ પડી.... તો તેનુ સખતાઈથી પાલન કરાવવા પેરામિલેટ્રી ફોર્સ સહિતના જવાનોનો મેદાનમાં ઉતારવા પડ્યા છે. જો કે ગુજરાતમાં ૧૧ જિલ્લા એવા છે કે જ્યાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. બીજી તરફ રાજ્ય સરકારે અનેક નાના-મોટા દાતાઓએ જરૂરીયાતમંદો માટે ખાવા-પીવાની, રહેવા સહિતની સુવિધા કરવા ઉપરાંત લાખો પરિવારોને અનાજ સહિતનુ વિતરણ કર્યું છતાં સરકાર તેમજ દાતાઓ બધે ન પહોંચી શકે.... અને એ જ કારણે પરપ્રાંતીઓ પોતાના વતન પહોંચી જવા ગડમથલ કરતા રહે છે. જેમાં સુરતના દાખલો તાજો છે મુંબઈમાં જેમ પર પ્રાતિઓ મેદાનમાં આવી ગયા તેમ સુરતમાં પણ નાસમજ લોકો વતન પરત ફરવા રેલવે સ્ટેશન પર ઉમટી પડ્યા હતા.... તંત્રએ કુનેહ વાપરવા સાથે લાલ આખ કરતા ભટકી ગયેલા સમજી ગયા.....!

અગત્યની વાત એ રહી છે કે વિશ્વભરમાં વિજ્ઞાનીઓ, ડોક્ટરો, તજજ્ઞો કોરોના મારક રસી સંશોધન કરવામાં ગળાડૂબ થઈ ગયા છે.....તેમાં પણ નાસીપાસ થનાર તજગ્યો, કેટલાક વૈજ્ઞાનિકોએ નિવેદન કરેલા કે બે વર્ષ સુધી દવિ નહીં શોધી શકાય, તો કોઈ કહે કે કોરોના નાથવા માટે કોઈ ઉપાય નથી.... ત્યારે આવા નાસીપાસ થયેલા સંશોધકોને ગુજરાતના તજજ્ઞોએ તમાચો મારી દે તે રીતે કોરોના મારક સંશોધન શોધવામાં સફળતા મળી છે. જોકે આ પ્રથમ તબક્કો છે. પરંતુ પ્રથમ પગથિયું ચડનાર હંમેશા આ સીડી ચઢી જાય છે. ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરના વૈજ્ઞાનિકોએ કોરોનાનું વંશ સૂત્ર મતલબ કે જીનોમ સીક્વન્સ શોધી કાઢ્યું છે. અને આ કારણે કોરોના વાયરસની દવા- રસીની આડઅસર વગેરે તમામ બાબતો શોધવી સરળ બનશે. આ શોધ વિશ્વભરના માનવજીવન માટે આશીર્વાદરૂપ બની જશે તે એક હકીકત છે .....મતલબ ભારત વિશ્વના દેશો માટે ગુરુ બની જશે તે નિશ્ચિત.....! અને આ તમામ વિગતો ગુજરાતના સીએમઓ દ્વારા જાહેર થઈ છે. તો ગુજરાતમાં અનેક વિસ્તારો એવા છે કે જ્યાં ખાવા-પીવાનું કે સહાય પહોંચી શકી નથી... ત્યારે સાંસદો, ધારાસભ્યો વગેરે ચૂંટણી સમયે નેતાઓ અને કાર્યકરો સાથે હાથ જોડતા ઘેર જઈને મત માંગે છે, ઓફિસો ખોલે છે, ચા- નાસ્તા જમવા સહિતની વ્યવસ્થા કરે છે.... તો અત્યારે કેમ લોકડાઉન થઈ ગયા છે....? જો કે અપવાદરૂપ પણ આગળી વેઢે ગણાય તેવા કેટલાક છે.. ત્યારે લોકોનો એટલોજ સવાલ છે શું ફરી ચૂટાવાની આશા નથી.... કે પછી ચૂંટણી લડવાના જ નથી.....?“ આવા સમયે કોઈપણ ટીકા કરવી અજુગતું કહેવાય છતા.... નોંધ લેવી રહી કે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ લાઈવ આવ્યા અને માહામારીમાં લોકોને સહાય માટે બિલિયન-ટ્રીલીયન ડોલરના પેકેજની જાહેરાત કરી, તો ઇટાલીમાં નોકરી ગુમાવનારાઓ માટેના પેકેજ સહિત અન્ય પેકેજની જાહેરાત કરી, ફ્રાંસ પ્રેસિડેન્ટે સ્ટાર્ટ અપ માટે પેકેજ તેમજ ખાનગી કંપનીઓમાં નોકરી કરતા કર્મચારીઓને પણ ૫૦ ટકા ઉપરાંત પગાર અને પેકેજની જાહેરાત કરી...... ત્યારે જર્મનીમાં કંપનીઓ માટે પેકેજ ઉપરાંત માનવ પેકેજ જાહેર જાહેર કર્યા..... ત્યારે આપણે ત્યાં લાઈવ આવે... તેમા લોકડાઉન નિયમો પાળવા, ઉપરાંત લોકોને કહેવામા આવે કે તમે સરકારને મદદ કરો... દાન આપો, ગરીબોનું ધ્યાન તમે રાખો, ઘરમાં વૃધ્ધોનુ ધ્યાન રાખો- સેવા કરો.....પીએમ કેર્સ ફંડમાં કરોડો કરોડો રૂપિયા આવે....મુખ્ય મંત્રી ફંડમા કરોડો રૂપિયા આવે... પરંતુ ગરીબ, મજૂર, રોજમદારો,લોઅર મધ્યમવર્ગ, નોકરી ગુમાવનારાઓ, નાના-મોટા ધંધા-રોજગાર, ખેતી ક્ષેત્ર માટે કોઈ જ પેકેજ જાહેર ન થયા... .!આનો અર્થ શું.....? આ બાબતે રાજનેતાઓએ માત્ર મોટા ઉદ્યોગો- ધનકુબેરોને નહીં પરંતુ તેના ઉર્જા જમીની સ્તરના લોકો માટે પેકેજો આપવા જરૂરી છે... પણ સરકાર આવા પેકેજ જાહેર કરશે કે કેમ.......? વંદે માતરમ્

### દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫૫ ટેસ્ટ લેવામાં આવ્યા છે. જેમાંથી ૧૪૪ ના પરીણામ નેગેટીવ, ૩ પોઝેટીવ

# કોરોના વાયરસ સામેની લડતમાં જિલ્લા વહિવટી તંત્ર સંપૂર્ણ સજ્જ – કલેક્ટર શ્રી વિજય ખરાડી

દાહોદ, તા. ૧૬

જિલ્લા કલેક્ટર શ્રી વિજય ખરાડીએ કોરોના વિષાણુંના સંક્રમણ સામે જિલ્લામાં કરવામાં આવી રહેલી કામગીરી બાબતે માહિતી આપતા જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫૫ ટેસ્ટ લેવામાં આવ્યા છે. જેમાંથી ૧૪૪ ના પરીણામ નેગેટીવ, ૩ નમૂના પોઝેટીવ અને ૧૨ નમૂનાના પરીણામ બાકી છે.




તેમણે જણાવ્યું કે, અત્યારે જિલ્લામાં કવોરન્ટાઇન કરવામાં આવેલા કેસોની સંખ્યા ૨૧૯ છે. જિલ્લામાં સામાન્ય રીતે અઠવાડીયામાં ૫ થી ૬ હજાર ઓપીડીની સંખ્યા હોય છે. જેમાંથી અંદાજે ૧૦૦ની આસપાસ શરદી ખાંસી જેવા કેસો હોય છે. તેમાં જરૂર જણાય તેમના ટેસ્ટ કરવામાં આવે છે. જિલ્લાના દવાખાનાઓમાં દવાઓનો સ્ટોક પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

તેમણે જણાવ્યું કે, જિલ્લામાં ૭ સ્થળોએ શેલ્ટરહોમ ઊભાં કરવામાં આવ્યા છે જયાં ૬૨૩ લોકોને લોકડાઉન દરમિયાન રાખવામાં આવી રહ્યા છે. તેમને સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટની માર્ગદર્શિકા મુજબની તમામ સુવિધાઓ આપવામાં આવી રહી છે. નિયમિત રીતે તેમની આરોગ્ય તપાસ કરવામાં આવે છે અને તેમના જમવા સહિતની તમામ સુવિધાઓ આપવામાં આવી રહી છે. તેમણે જિલ્લામાં કોરોના વિષાણું સંક્રમણ સામે કરવામાં આવેલી વ્યવસ્થાની માહિતી આપતા જણાવ્યું કે, અત્યારે જિલ્લામાં ૯૪૦ બેડ માટેની ક્વોરન્ટાઇન વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ અત્યાંધુનિક સાધનો સાથે સ્પેશ્યલ કોવીડ – ૧૯ હોસ્પીટલની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ઝાયડસ હોસ્પીટલ ખાતે ૨૦ વેન્ટીલેટર સાથે ૧૦૦ બેડની હોસ્પીટલની વ્યવસ્થા કરવામાં આવી છે અને આ હોસ્પીટલમાં ભવિષ્યમાં જરૂર જણાય તો હજુ બીજા ૨૫૦ બેડ સુધીની વ્યવસ્થા કરી શકવાની ક્ષમતા છે.

તેમણે જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં બહારના રાજયોમાંથી કોરોના સંક્રમણની શક્યતા હોય રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદો સીલ કરવામાં આવી છે અને ફક્ત આવશ્યક સેવાઓ અને મેડીકલ સાથે જોડાયેલી સુવિધાઓને જ અવરજવર માટે પરવાનગી આપવામાં આવી છે. જિલ્લાની ૧૭ ચેકપોસ્ટ પર આરોગ્ય અને પોલીસ કર્મચારીઓ સહિતનો સ્ટાફ સતત ૨૪ કલાક કાર્યરત છે. જિલ્લામાં બહાર પાડવામાં આવેલા જાહેરનામાઓનો પણ ચુસ્ત અમલ કરાવામાં આવી રહ્યો છે. ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહનો પર પ્રતિબંધનું કડક પાલન કરાવામાં આવે છે.

જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોથી એપ્રીલ માસ માટેનું રાશનનું બીપીએલ, અંત્યોદય પરીવારોને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. આ માટેની તમામ વ્યવસ્થાઓનું સુચારૂ સંચાલન કરવામાં આવ્યું હતું. અત્યારે એપીએલ-૧ રાશનકાર્ડ ધરાવતા ફક્ત જરૂરીયાતમંદ પરીવારોને રાશનનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

તેમણે જણાવ્યું કે, તા. ૨૦ એપ્રીલ બાદ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા એપીએમસી બજાર અને ખેતીવાડી સાથે સંકળાયેલા ઉધોગો માટે છૂટછાટ બાબતે તાકીદે નિર્ણય લઇ જાહેર કરવામાં આવશે. જિલ્લામાં પાયાની સગવડો સાથે જોડાયેલા ઉધોગો, શ્રમજીવીઓ અને ખેડૂતોને રાહત મળે તે રીતે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

મહેન્દ્ર

# અરવલ્લીમાં આંતરરાજ્ય અને જીલ્લામાંથી લોકોની બેરોકટોક અવર-જવર યથાવત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય અને જિલ્લા સરહદો સીલ કરી દેવામાં આવી હોવાના સતત દાવાઓ થઇ રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લામાં અન્ય રાજ્યો અને જીલ્લામાંથી લોકો વાહનો મારફતે આબાદ પહોંચી રહ્યા છે જીલ્લા પોલીસતંત્ર માટે પણ અન્ય રાજ્ય અને જીલ્લામાંથી વિવિધ વાહનો અને પગપાળા પહોંચતા લોકો અને શ્રમિકોનો પ્રવેશ કોયડારૂપી બની રહ્યો છે ધનસુરા પોલીસે ઉત્તર પ્રદેશના ડાલામાં જઈ રહેલા ૧૧ શખ્શોને દબોચી લીધા હતા ભિલોડા પોલીસે રાજસ્થાનના ડુંગરપુરથી ભિલોડા વિસ્તારમાં આવેલા ૪ લોકો અને અમદાવાદથી આવેલા ૨ મહિલા વિરુદ્ધ જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી હાથધરી છે માલપુર પોલીસે દોઢ વર્ષથી અપહરણ અને પોસ્કો અને બળાત્કારના ગુન્હામાં નાસતો ફરતો સુરેશ સાબુભાઈ કોટવાળને દબોચી લીધો હતો



અરવલ્લી જીલ્લામાં કોરોનાનો હજુ એકપણ કેસ નહિ નોંધાતા અરવલ્લી જિલ્લાના અને ધંધા-રોજગાર અર્થે અન્ય રાજ્યો અને જીલ્લામાં સ્થાયી થયેલા લોકો અરવલ્લી જીલ્લાની વાટ પકડી છે એનકેન પ્રકારે લોકોનો મોટો ધસારો જોવા મળી રહ્યો છે સલામત જીલ્લાવાસીઓના સ્વાસ્થ્ય માટે ખતરો ઉભો કરી રહ્યા છે ધનસુરા પીએસઆઈ કે.એસ.સિસોદિયાએ પીકઅપ ડાલામાં પસાર થઈ રહેલા ઉત્તરપ્રદેશના જોનપુરના ૧) વીરેન્દ્ર અચ્છેલાલ નિશાદ (રહે,વડાગામ),૨) ભોલા ફુલચદં નિશાદ,૩)રંજન રવિન્દ્ર નિશાદ,૪)મંગલ લક્ષ્મણ નિશાદ ,૫) નાન્હેલાલ કાંતાલાલ નિશાદ,૬)વિમલ તીરથ ગોડ,૭)સોહન અશોકભાઈ નિશાદ,૮)આનંદ બાસવાન નિશાદ,૯)વિવેક નાન્હેલાલ નિશાદ ,૧૦)દિપક નાન્હેલાલ નિશાદ,૧૧) પરદેશી લાલચંદ નિશાદ (રહે , તમામ યુ.પી) ની અટકાયત કરી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ભિલોડા પીએસઆઈ કે.કે રાજપૂત અને તેમની ટીમે ડુંગરપુર થી ભિલોડાના કલ્લેકા ગામમાં પહેંચેલ ૧) રમેશ છગનભાઈ ચામઠા,૨)રેખાબેન રમેશભાઈ ચામઠા,૩)કિરણ સબુરભાઈ ચામઠા, ૪)મંજુલાબેન કિરણભાઈ ચામઠા અને નાંદોજ ગામે અમદાવાદ જીલ્લામાંથી આવેલ ૧)અરખીબેન વિનોદભાઈ વણકર અને ૨) તરુણાબેન વિનોદભાઈ વણકર વિરુદ્ધ જીલ્લા કલેકટરના જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# કપરાડા તાલુકાના ગામડાઓમાં અનાજની કીટ વિતરણ કરવામાં આવી



વલસાડ બ્યુરો : અજીત પટેલ

સમગ્ર દેશમાં હાલ કોરોના વાયરસની મહા ભયંકર બીમારી ચાલી રહી છે ત્યારે આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે આખા દેશમાં lockdown તો ક્યાંક કર્ફ્યુ લગાવ્યો છે.

કપરાડા તાલુકાની વાત કરીએ તો કપરાડા તાલુકો એટલે એકદમ આદિવાસી વિસ્તાર ધરાવતો તાલુકો છે અને જેમાં પણ ગરીબ આદિવાસી લોકો રોજ લાવીને રોજ ખાનારો જેના કારણે કપરાડા તાલુકાના ગરીબ આદિવાસી લોકોને રોજીંદુ ઘરગથ્થું અનાજ કરીયાણી માટે ભારે હાલાકી ભોગવી રહ્યા છે.


નોંધનીય છેકે, કપરાડા તાલુકાના ગીરનારા, માલઘર, પીપલસેત, વડોલી, સુથારપાડા, બારપુડા, હુંડા, વાવર, ઘોટણ, ફળી, દિક્ષલ વગેરે ગામડાઓમાં કપરાડા તાલુકાના એ.પી.એમ.સી. ચેરમેન મુકેશભાઈ પટેલ, કપરાડા તાલુકાના માજી પ્રમુખ રમેશભાઈ ગાવિત, નાનાપોઢા મુસ્લિમ સમાજના અગ્રણી નાસીર પઠાણ, નાનાપોઢા વાપી રોડ ખાતે આવેલ શક્તિ ટ્રેડર્સ સુરેશભાઈ માલી, નાનાપોઢા ખાતે આવેલ મહેતા ટ્યુબ પ્રાઈવેટ લિમિટેડ કંપની ના મેનેજર રાજેન્દ્રભાઈ સિંઘ તેમજ વડખંભા બ્રાસ કોપર કંપની ના મેનેજર ગાપોળભાઈ સિંઘ, ભંડાર કચ્છ ગામના ધર્મા શેઠ તેમજ કેટલાક આગેવાનો દ્વારા ગરીબ આદિવાસી લોકોને ૭૦૦થી વધુ અનાજ ની કીટ વિતરણ કરવામાં આવી હતી.

# ખેડબ્રહ્માના સામાજિક કાર્યકર રામજી મહારાજ ગરીબ વસ્તીમાં શાકભાજી પૂરું પાડ્યું

કમલેશ રાવલ ખેડબ્રહ્મા દ્વારા

સમગ્ર દેશની અંદર જ્યારે કોરોના ની મહામારી થી લોકડાઉન ની પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે મધ્યમ વર્ગના વ્યક્તિઓની હાલત કફોડી થઈ છે. આવી પરિસ્થિતિમાં ફેરિયાઓ પણ શાકભાજી સહિત જીવન જરૂરી વસ્તુઓ વેચી શકતા નથી ત્યારે લોકોની હાલત કફોડી થઈ છે. આવી પરિસ્થિતિ ની અંદર ખેડબ્રહ્માના સામાજિક કાર્યકર. રામજીભાઈ મહારાજે મધ્યમ વર્ગના વ્યક્તિઓ માટે રોજે રોજ શાકભાજી પૂરું પાડવાનો નિર્ધાર કરેલ છે જેમાં અગાઉ પણ શાકભાજી કીટ સહિત નું વિતરણ કરવામાં આવેલ જ્યારે આ મહામારી સામે લડતા મધ્યમ વર્ગના વ્યક્તિઓ ની ચિંતા કરતા રામજીભાઈ મહારાજ આજે ખેડબ્રહ્મા શહેર ની અંદર (૧૧૦૦) અગિયાર સો કિલોનું શાકભાજી નું વિતરણ કર્યુ હતુ તેમણે જણાવ્યું હતું કે મધ્યમ વર્ગના વ્યક્તિઓની હાલત આજે કફોડી છે તેમની હાલત નહી ઘર ના નહી ઘાટના જેવી થઇ છે. ત્યારે તેમની મદદ કરવી જરૂરી છે.

# મોડાસા નિવૃત્ત કર્મચારી મંડળે ૫૧ હજાર રૂપિયા સરકારના રાહત ફંડમાં ચેક કલેક્ટરને સુપ્રત કર્યો




અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા ના મોડાસા નિવૃત કર્મચારી મંડળ ધ્વારા ગુજરાત મા કોવીડ ૧૯ ની મહામારી માટે મુખ્યમંત્રી રાહતફંડ મા રૂ. ૫૧ હજારનો નો ચેક મોડાસા નિવૃત્ત કર્મચારી મંડળ ના પ્રમુખ શંકરભાઈ જેઠાભાઈ પટેલ અને મહામંત્રી વિઠ્ઠલભાઈ પરમારે મંડળ વતી કલેક્તતને ચેક સુપ્રત કરી કોરોના વાઈરસ સામે લડવા ભાગીદાર થઈ નિવૃત્ત મંડળે ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે આપેલ રકમ શહેર અન્ય સંસ્થાઓ માટે પ્રેરકબળ રૂપી સાબિત થશે નિવ્રુત કર્મચારી મંડળ હમેશા સિનિયર સિટીઝન અને મંડળ ના વયોવૃદ્ધ સભ્યોની સેવા માટે હંમેશા તત્પર રહે છે

### પાટણ બી ડિવિઝન વિસ્તારમાં

# ૨૧ દિવસ મા લોક ડાઉન નો ભંગ કરનારા ૫૪૯ ઝડપાયા, ૨૯૪ વાહનો જપ્ત

પાટણ બી ડિવિઝન પીઆઈ

ચિરાગ ભાઈ ગોસ્વામીએ જણાવ્યું કે પાટણ શહેરમાં લોક ડાઉન ના ચુસ્ત અમલ માટે પોલીસ તંત્ર દ્વારા ઠેર ઠેર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને તેનુ ચુસ્ત પાલન થાય તે માટે પોલીસ તંત્ર સતત શહેરના માર્ગો સોસાયટીઓ મહેલ્લા પોળો અને અંતરિયાળ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરીને સૌને બિનજરૂરી ઘરની બહાર નીકળતા અટકાવી રહ્યું છે આ ઉપરાંત સોસાયટીઓ અને મહેલલા પોળાના નાકે બહાર આવીને ટોળે વળતા લોકોને પકડવા માટે ડ્રોન નો ઉપયોગ સુચારુ રુપે થઈ રહયો છે પાટણ શહેર મા એકવીસ દિવસના લોકડાઉનના પહેલાં તબક્કામાં પાટણ બીડીવીઝન પોલીસે શહેરમાં બહાનાબાજીઓ કરીને બાઈકો અને વાહનો લઈને ફરતા લોકોના વાહનોને કલમ ૨૦૭ હેઠળ ૨૯૪ વાહનો જપ્ત કર્યા હતા જયારે જાહેરનામાનો ભંગ કરનારાઓની સામે ૧૪૪ કેસો કરવામાં આવ્યા છે ૫૪૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે એમ પાટણ બી ડિવિઝન પીઆઈ ચિરાગ ભાઈ ગોસ્વામીએ જણાવ્યું હતું તેમણે કહ્યું કે પાટણ બી ડિવિઝન પોલીસે પકડેલા વાહનોને સ્થળ પર જ દંડ લેવાની સત્તા હાલ માં પોલીસને આપવામાં આવી છે આરટીઓ કચેરી બંધ હોવાથી લોકો દંડ ભરી શકે તેમ ન હોવાથી અને આ પકડેલા વાહનોનો ભરાવો થઇ જતો હોવાથી પોલીસ સ્ટેશનમાં જ આ સ્થળ દંડ વસૂલવાની સત્તા અમને મળી છે જે વાહન ચાલકો સ્થળે દંડ ભરવા ખુશ હોય

તેમની પાસેથી ટુ વ્હીલરના ૨૦૦૦ રુ થ્રી વ્હીલરના રુ ૩૦૦૦ ફોર વ્હીલરના રુ ૪૦૦૦ નો સ્થળ દંડ વસૂલીને વાહનો છોડી રહ્યા છીએ અત્યાર સુધીમાં અમે સીતેર વાહનો છોડ્યાં છે જયારે શહેરના બી ડિવિઝન વિસ્તારમાં ડ્રોનથી ટોળા પકડવાના ૬૪ કેસો કરીને ૩૦૦ માણસોને પકડવામાં આવ્યા છે

આમ કુલે ૫૪૮ માણસોની ધરપકડ કરાઇ ચૂકી છે અત્રે નોંધનીય છે કે આ દંડ હવે પોલીસ સ્ટેશનમાં જ વસુલવાની કામગીરી શરૂ કરાઇ હોવાથી પોલીસ સ્ટેશનમાં દંડ ભરવા માટે આવનારાઓની ભારે ભીડ ઉમટી રહી છે જેને લઈને અહી સોશિયલ ડિસટનસિંગ નો અમલ તો કરાવાય છે છતાં પણ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને આવા દંડ ભરવા આવતા લોકોમાં કોઇ સંક્રમિત હોવાની આશંકા છવાયેલી રહેતી હોવાથી તેની અસર અહી રાત દિવસ જોખમ લઈને ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને સતાવી રહી છે

### મોડાસા માર્કેટયાર્ડ ધમધમી ઉઠ્યું

# રજીસ્ટ્રેશન કરેયેલ ૫૦ ખેડૂતોને થર્મલ સ્ક્રીનિંગ અને સૅનેટાઇઝ કરી માર્કેટયાર્ડમાં પ્રવેશ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનની લંબાવતા સૌથી વધુ કફોડી હાલત જગતના તાતની થઈ છે ખેડૂતોની જીવાદોરી સમાન ઘઉં અને રવિ સીઝનની પેદાશો ના ઢગલા ઘર અને ખેતરમાં પડી રહેતા ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થવાનો વારો આવ્યો હતો મોડાસા માર્કેટયાર્ડના સત્તાધીશોએ જીલ્લામાં એકપણ કોરોનાનો કેસ ન હોવાથી ખેડૂતોને રવિ પેદાશ વેચવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ૧૪ એપ્રિલ થી શરુ કરતા ખેડૂતોએ મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે ગુરુવારથી રજીસ્ટ્રેશન કરાયેલ ૫૦ રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને ખરીદી માટે બોલાવતા મોડાસા માર્કેટયાર્ડ ધમધમી ઉઠ્યું હતું ઘઉંના મણે ૩૫૦ થી ૪૦૦ રૂપિયા મળી રહેતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો કોરોના મહામારીમાં કોરોનાનું સંક્રમણ ન ફેલાય તેની તકેદારીના ભાગરૂપે મોડાસા માર્કેટયાર્ડમાં ટ્રેક્ટર સહીત વિવિધ વાહનો મારફતે ઘઉં અને રવિપાક લઈ વેચાણ અર્થે પહોંચેલા ખેડૂતો અને ડ્રાઈવરનું થર્મલ સ્ક્રીનિંગ અને સૅનેટાઇઝ કરી માર્કેટયાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ રહે તેની તકેદારી રાખી ખેડૂતોના પાકની ખરીદી થતા ખેડૂતોએ હૈયે હાશકારો અનુભવ્યો હતો મોડાસા માર્કેટયાર્ડમાં ૩૨ ખેડૂતો ઘઉં વેચાણ અર્થે પહોંચતા શરુ થયેલી હરાજીમાં ૩૫૦ થી ૪૦૦ રૂપિયા પ્રતિ મણ ઘઉંનો ભાવ મળી રહેતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો



લોકડાઉનના પગલે માર્કેટયાર્ડ બંધ રહેતા ખેડૂતોએ મોટા પ્રમાણમાં પકવેલ ઘઉં ખેતરોમાં અને ઘઉં આગળ ઢગલા કરી રાખી મુક્યા હતા વારંવાર વાતાવરણમાં પલટો લોકડાઉનની કપરી સ્થિતિમાં જીવનનિર્વાહ ચલાવવાના ફાંફા અને સંગ્રહ કરવાની યોગ્ય વ્યવસ્થાના અભાવે મિલધારકો અને વેપારીઓને ૨૫૦ થી ૩૦૦ રૂપિયા પ્રતિ મણ વેચવા મજબુર બન્યા છે ત્યારે માર્કેટયાર્ડ શરતોને આધીન ઘઉંની ખરીદી શરુ કરતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી

લોકડાઉનની સ્થિતિમાં કેટલાક ધંધાર્થીઓ વધુ લાલચુ બની ગયા છે જીવનજરૃરિયાત ચીજ વસ્તુઓના ભાવમાં પણ ભારે વધારો જોવા મળી રહ્યો છે

બીજીબાજુ કેટલાક ઘઉંની મિલ ધરાવતા અને ધાન્યની ખરીદી સાથે શંકાયેલ વેપારીઓએ ખેડૂતોની મજબુરીનો લાભ ઉઠાવવા ગ્રામ્ય વિસ્તારોમાં ધામા નાખી સસ્તા ભાવે ઘઉં સહીત રવિ પાકની ખરીદી કરી ખેડૂતોને લૂંટી રહ્યા છે ખેડૂતો લૂંટાઈ રહ્યા હોવા છતાં મજબૂરીમાં લાચાર બની રહ્યા છે


કોરોના વિરૂઘ્ધ જંગમાં સ્વસ્થ રહેવા

**આયુષ મંત્રાલયની રોગપ્રતિકારક શકિત વધારવા માટેની ૧૦ ટીપ્સ**

- દિવસ દરમિયાન નવસેકુ પાણી અવાર-નવાર પીવુ
- દરરોજ ૩૦ મીનીટ યોગ-ધ્યાન કરવા
- ખોરાકમાં હળદર, જીરૂ, ધાણા અને લસણનો મસાલામાં ઉપયોગ કરવો
- એક ચમચી અથવા ૧૦ ગ્રામ ચ્યવનપ્રાસનું સેવન દરરોજ સવારે કરવું
- ડાયાબીટીસના દર્દીએ સુગર ફ્રી ચ્યવનપ્રાસનું સેવન કરવું
- દિવસમાં એક - બે વાર હર્બલ ટી કે ઉકાળો પીવો (તુલસી, હળવદ, મરી સહિતની વસ્તુનો ઉકાળો બનાવી શકાય)
- દરરોજ એક-બે ગ્લાસ હળદરવાળુ દુધ પીવુ
- તલ કે નાળીયેરનું તેલ અથવા ઘી રોજ સવારે-સાંજે નાકના બંને છીદ્રોમાં લગાવવુ
- તલ અથવા નાળીયેરનું તેલ મોઢામાં ભરી ગળગળ કરી થુંકી નાખ્યા બાદ સતપ પાણીથી દિવસમાં ૧-૨ વાર કોગળા કરવા
- ગળામાં ખારાશ અથવા સુકો કફ હોય તો ફુદીનો અને અજમાને ગરમ પાણીમાં નાખી નાસ લેવો
- ગોળ અથવા મધ સાથે લવીંગનો પાઉડર મીકસ કરી દીવસમાં બે-ત્રણવાર સેવન કરવું


### નાનાપોંઢા કેન્દ્રશાળાના બાળકો બન્યા કોરોના વોરીયર્સ

# લોકડાઉન સમયને રચનાત્મક પ્રવૃત્તિમાં ફેરવી યોજી ઓનલાઇન ચિત્ર સ્પર્ધા

વલસાડ બ્યુરો : અજીત પટેલ

કોરોના વાઇરસે દુનિયાને હચમચાવી નાંખી છે. આપણા દેશમાં પણ કોરોના વાઇરસનું સંક્રમણ વધે નહીં તે માટે દેશના વડાપ્રધાન નરેન?દ્રભાઇ મોદી દ્વારા લોકડાઉન જાહેર કર્યું છે. કોરાના વાઇરસ સામેની લડાઇમાં સમગ્ર દેશવાસીઓ જોડાયા છે. કોરાના વાઇરસ સામે જન જાગૃતિ પણ ફેલાવવામાં આવી રહી છે. આવો જ સંદેશો ફેલાવી વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપોંઢા કેન?દ્ર શાળાના બાળકોએ ચિત્ર સ?પર્ધા યોજી જનજાગૃતિ ફેલાવી કોરાના વોરીયર્સ બન?યા છે.




લોકડાઉનના કારણે શૈક્ષણિક કાર્યો પણ પ્રભાવિત થયા છે. શાળા- કૉલેજોમાં પણ વેકેશન જાહેર કરવામાં આવ?યું છે. લોકડાઉન સમયમાં બાળકો પ્રવૃત્તિમય રહે તેના માટે અનેક સંસ?થાઓ કાર્ય કરી રહી છે. આવું જ કંઇક નાનાપોંઢા કેન?દ્ર શાળાના શિક્ષક શ્રી સ?નેહલભાઇ પટેલે અલગ કાર્ય કર્યું છે. જેના થકી બાળકો પ્રવૃત્તિમય રહે અને ઉત?સાહ પણ વધે સ?નેહલભાઇ એ જણાવ્યું કે ધોરણ-૭ના વિદ્યાર્થીઓના વાલીઓનું વોટસઅપ ગૃપ બનાવવામાં આવ?યું જ હતું. આવામાં લોકડાઉન જાહેર થતાં બાળકો ઘરે રહી રચનાત?મક પ્રવૃત્તિમાં જોડાયેલા રહે તે માટે ઓનલાઇન ચિત્ર સ?પર્ધા યોજવાનું નકકી કરવામાં આવ?યું. ચિત્રસ?પર્ધાનો વિષય ગૃપમાં મોકલી આપવામાં આવ?યો અને બાળકોએ પોતાની આગવી કળાથી કોરોના સામે જનજાગૃતિ ફેલાવતા ચિત્રો અંકિત કરી ઓનલાઇન સબમીટ કર્યા હતા.આ ચિત્ર સ?પર્ધામાં પ્રથમક્રમે ભુવનેશ્વરી પટેલ, દ્વિતીયક્રમે પ્રિયા પટેલ, તૃતીયક્રમે ખુશ?બુ માલી વિજેતા થયા હતા. આ સ?પર્ધામાં ૨૫થી વધુ બાળકોએ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, બાળકોને ઘરબેઠાં શિક્ષણ મળી રહે તે માટે વોટસઅપ દ્વારા શિક્ષણનું મટીરીયલ પુરું પાડવામાં આવે છે અને બાળકો અનોલાઇન શિક્ષણ મેળવી રહયા છે. આમ કોરાના વાઇરસના સંક્રમણને રોકવાના જનજાગૃતિમાં વોરીયર્સ બની કાર્ય કર્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.